dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS


# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year-09 | Issue-74 | AD-2025, Magshar Vad-13 | Wednesday, Dt.17-12-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


## સીજેઆઈ સુર્યકાંતે વકીલો અને પક્ષકારોને વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા હાઇબ્રિડ મોડ દ્વારા હાજર રહેવાની સલાહ આપી

# દિલ્હીમાં AQI ૫૦૦ને પાર, અનેક ફલાઈટ રદ

ન્યુ દિલ્હી,તા.૧૬

દિલ્હી-એનસીઆરમાં સોમવારે ઝેરી સ્મોગનું સ્તર છવાયેલું રહ્યું. એર ક્વોલિટી ઈન્ડેક્સ (AQI) 'ગંભીર' શ્રેણીમાં પહોંચી ગયો. કેન્દ્રીય પ્રદુષણ નિયંત્રણ બોર્ડ (સીપીસીબી) અનુસાર, દિલ્હીના ૪૦માંથી ૨૭ મોનિટરિંગ કેન્દ્રો પર હવા 'સિવિયર' કેટેગરીમાં નોંધાઈ હતી. વજીરપુરમાં AQI ૫૦૦ સુધી પહોંચી ગયો, જે મહત્તમ મર્યાદા છે. સીપીસીબી અનુસાર, ૫૦૦થી ઉપર AQI નોંધવામાં આવતો નથી. ગાઢ ધુમ્મસને કારણે દિલ્હીના ઈન્દિરા ગાંધી



ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ફ્લાઈટ ઓપરેશન પ્રભાવિત રહ્યું. સોમવારે દિલ્હી એરપોર્ટ પરથી ઘણી એરલાઈન્સે ૨૨૮ ફ્લાઈટ્સ રદ કરી દીધી અને ૫ને અન્ય એરપોર્ટ પર ડાયવર્ટ કરી દીધી. ૨૫૦ ફ્લાઈટ્સ મોડી પડી હતી. ભારતમાં આવેલા આર્જેન્ટિનાના ફૂટબોલર લિયોનલ મેસી ખરાબ હવામાનને કારણે પીએમ નરેન્દ્ર મોદીને મળી શક્યા નહીં. મેસીની મુંબઈથી દિલ્હી આવતી ચાર્ટર્ડ ફ્લાઈટે ધુમ્મસને કારણે મોડી ઉડાન ભરી. તે જ સમયે, પીએમ એક કલાકના વિલંબથી ત્રણ દેશોની યાત્રા પર રવાના થયા. મેસીની પીએમ મોદી સાથે સવારના સમયે મુલાકાત નક્કી હતી. આ દરમિયાન, પ્રદૂષણને ધ્યાનમાં રાખીને દિલ્હી સરકારે શાળાઓમાં ધોરણ પાંચ સુધીના વર્ગો ફક્ત ઓનલાઈન ચલાવવાના આદેશો જારી કર્યા છે. ચીફ જસ્ટિસ સૂર્યકાંતે વકીલો અને પક્ષકારોને વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા હાઈબ્રિડ મોડ દ્વારા હાજર રહેવાની સલાહ આપી છે. સુપ્રીમ કોર્ટ દિલ્હી-એનસીઆરમાં વાયુ પ્રદુષણ સંબંધિત અરજી પર ૧૭ ડિસેમ્બરે સુનાવણી કરશે.વાયુ પ્રદુષણની અસર માત્ર મનુષ્યો પર જ નહીં, પાલતુ પ્રાણીઓ અને પક્ષીઓ પર પણ દેખાઈ રહી છે. પશુચિકિત્સકોના મતે, શ્વાસની તકલીફ, આંખોમાં બળતરા, ચેપ અને પેટ સંબંધિત બીમારીઓ સતત વધી રહી છે. ડોકટરોએ જણાવ્યું કે, ૨.૫ જેવા સૂક્ષ્મ કણો પ્રાણીઓના ફેફસાંમાંથી લોહીમાં ભળી જાય છે.


// બેસણું //



દિલગીરી સાથ જણાવવાનુ કે અમારા પરમ સ્નેહીશ્રીનું તા. ૧૧/૧૨/૨૦૨૫ ને ગુરુવાર ના રોજ દુખદ અવસાન થયેલ છે. પરમ કૃપાળુ પ્રભુ તેમના આત્માને શાંતિ આપે એ જ પ્રાર્થના

સ્વ. ગભરૂભાઈ બચુભાઈ ઉકાણી (ઉમર વર્ષ-૬૪)
સ્વ. તા. ૧૧/૧૨/૨૦૨૫, ગુરૂવાર (ગામ-પુંજાપાદર)

સદ્ગતનું અમરેલી મુકામે બેસણું
ગુરુવાર તા. ૧૮/૧૨/૨૦૨૫ ના રોજ સવારે ૮:૦૦ થી બપોરે ૧૨:૦૦ કલાક સુધી રાખેલ છે.
સ્થળ-પટેલવાડી, હિરામોતીચોક, અમરેલી

લી.
નયનભાઈ ગભરૂભાઈ ઉકાણી (પુત્ર)
કેતનભાઈ ગભરૂભાઈ ઉકાણી (પુત્ર)
ભાવેશભાઈ દેવચંદભાઈ ઉકાણી (ભત્રીજા)
અરવિંદભાઈ બચુભાઈ ઉકાણી (ભાઈ)
મગનભાઈ બચુભાઈ ઉકાણી (ભાઈ)
કૃણાલભાઈ અરવિંદભાઈ ઉકાણી (ભત્રીજા)
દક્ષ મગનભાઈ ઉકાણી (ભત્રીજા)
ઉકાણી પરિવારના જયશ્રી કૃષ્ણ



Sheetal ICE CREAM
WE ARE HIRING
JOIN INDIA'S MOST TRUSTED FMCG BRAND
- Franchise Development Manager - 1 (Experience : 1-2 Years)
- Sales & Marketing Officer - 2 (Experience : 1-2 Years)
- Night Billing Executive - 2 (Experience : 1-2 Years)
- Reporting Manager - 2 (Experience : 1-2 Years)
- Junior Accountant - 1 (Experience : 1-2 Years)
- Trainer – 1 (Experience : 1-2 Years)

Location : Amreli
hrscpl1987@gmail.com
+91 95109 59957


# વાંતારાની ખાસ મુલાકાતે લિયોનેલ મેસીએ પવિત્ર ભારતીય પરંપરાઓ અને વન્યજીવન સાથે અવિસ્મરણીય અનુભવો કર્યા



**જામનગર, ભારત** – વૈશ્વિક ફૂટબોલ આઈકોન લિયોનેલ મેસીએ અનંત અંબાણી દ્વારા સ્થાપિત વન્યજીવન બચાવ,



પુનર્વસન અને સંરક્ષણ કેન્દ્ર **વાંતારાની** ખાસ મુલાકાત લીધી. વાંતારામાં પરંપરાગત રીતે દરેક પહેલની શરૂઆત સનાતન ધર્મ અનુસાર આશીર્વાદ મેળવવાથી થાય છે, જે પ્રકૃતિ પ્રત્યે શ્રદ્ધા અને તમામ જીવંત પ્રાણીઓ પ્રત્યે આદર પર ભાર મૂકે છે. મેસીની મુલાકાત આ સાંસ્કૃતિક મૂલ્યોને પ્રતિબિંબિત કરતી હતી, કારણ કે તેમણે પરંપરાગત હિન્દુ ધાર્મિક વિધિઓમાં ભાગ લીધો, વન્યજીવનનું નિરીક્ષણ કર્યું અને સંભાળ રાખનારાઓ તથા સંરક્ષણ ટીમો સાથે આત્મીય સંવાદ કર્યો. મુલાકાત દરમિયાન તેમનો નમ્ર સ્વભાવ અને માનવતાવાદી મૂલ્યો સ્પષ્ટપણે ઝળહળ્યા, તેમજ વન્યજીવન સંરક્ષણ પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતાને કારણે અનંત અંબાણી સાથેના તેમના ઉષ્માભર્યા સંબંધો પણ ઉજાગર થયા.



મેસી તેમના ઈન્ટર માયામીના સાથી ખેલાડીઓ લુઈસ સુઆરેઝ અને રોડ્રિગો ડી પોલ સાથે વાંતારામાં પહોંચ્યા હતા. તેમનું ભવ્ય પરંપરાગત રીતે સ્વાગત કરવામાં આવ્યું, જેમાં જીવંત લોકસંગીત, આશીર્વાદ અને શુદ્ધ ભાવનાનું પ્રતીક બનેલી ફૂલવર્ષા તથા ઔપચારિક આરતીનો સમાવેશ હતો. ફૂટબોલના દિગ્ગજ ખેલાડીએ મંદિરમાં મહા આરતીમાં પણ ભાગ લીધો, જેમાં અંબે માતા પૂજા, ગણેશ પૂજા, હનુમાન પૂજા અને શિવ અભિષેક સામેલ હતા. આ તમામ વિધિઓ દરમિયાન વિશ્વશાંતિ અને એકતાની પ્રાર્થના કરવામાં આવી, જે ભારતની તમામ જીવસૃષ્ટિ પ્રત્યેના શાશ્વત આદરના સિદ્ધાંતોને પ્રતિબિંબિત કરે છે.

સ્વાગત સમારંભ બાદ, મેસીએ વાંતારાના વિશાળ સંરક્ષણ પરિસરના માર્ગદર્શિત પ્રવાસની શરૂઆત કરી. અહીં બચાવાયેલા મોટા બિલાડા, હાથીઓ, શાકાહારી પ્રાણીઓ, સરિસૃપો અને વિશ્વભરમાંથી લાવવામાં આવેલા નાના પ્રાણીઓની સંભાળ લેવામાં આવે છે. તેમણે ગ્રીન એનર્જી કોમ્પ્લેક્સ અને વિશ્વના સૌથી મોટા રિફાઈનરી કોમ્પ્લેક્સની પણ મુલાકાત લીધી, જ્યાં કામગીરીના વિશાળ કદ અને દષ્ટિકોણને જોઈ તેઓ આશ્ચર્યચકિત થયા.

સિંહ, ચિત્તા, વાઘ અને અન્ય લુપ્તપ્રાય પ્રજાતિઓ માટેના સંભાળ કેન્દ્રમાં મેસીએ કુદરતી અને સમૃદ્ધ વાતાવરણમાં ખીલતા પ્રાણીઓ સાથે સમય વિતાવ્યો, જેમાંથી ઘણા પ્રાણીઓ ઉત્સુકતાપૂર્વક તેમની નજીક આવ્યા. ત્યારબાદ તેમણે હર્બિવોર કેર સેન્ટર અને સરિસૃપ સંભાળ કેન્દ્રની મુલાકાત લીધી, જ્યાં વિશેષ પશુચિકિત્સા સારવાર, કસ્ટમાઈઝ્ડ પોષણ, વર્તણૂક આધારિત તાલીમ અને વૈજ્ઞાનિક પશુપાલન પ્રોટોકોલ



હેઠળ પ્રાણીઓની ઉત્તમ સંભાળ લેવામાં આવે છે, જે વન્યજીવન કલ્યાણમાં વાંતારાના વૈશ્વિક નેતૃત્વને દર્શાવે છે. પ્રવાસ દરમિયાન તેમણે મલ્ટી-સ્પેશિયલિટી વાઈલ્ડલાઈફ હોસ્પિટલની પણ મુલાકાત લીધી, જ્યાં રિયલ-ટાઈમ ક્લિનિકલ અને સર્જિકલ પ્રક્રિયાઓનું નિરીક્ષણ કર્યું, તેમજ બાદમાં ઓકાપી, ગેંડા, જિરાફ અને હાથીઓને ખોરાક આપ્યો. વૈશ્વિક દષ્ટિકોણથી તેમણે ભારતમાં વન્યજીવન સંભાળ અને સંરક્ષણને આગળ વધારવા માટે ભારતના વડા પ્રધાનની પ્રતિબદ્ધતાની પણ પ્રશંસા કરી.

અનાથ અને સંવેદનશીલ નાના પ્રાણીઓ માટે સમર્પિત ફોસ્ટર કેર સેન્ટરમાં મેસીએ તેમની સંઘર્ષભરી છતાં પ્રેરણાદાયી યાત્રાઓ વિશે જાણકારી મેળવી. એક હૃદયસ્પર્શી ક્ષણમાં અનંત અંબાણી અને રાધિકા અંબાણીએ સાથે મળીને એક સિંહના બચ્ચાનું નામ "લાયોનેલ" રાખ્યું, જે હવે આશા અને સતતતા પ્રતિક બની ગયું છે અને ફૂટબોલ દંતકથાના સન્માનમાં અપાયું છે.

પ્રવાસનું મુખ્ય આકર્ષણ એલિફન્ટ કેર સેન્ટર રહ્યું, જ્યાં મેસી માણિકલાલને મળ્યા – બે વર્ષ પહેલાં લાકડા કાપવાના ઉદ્યોગમાં કઠોર મજૂરીમાંથી તેની બીમાર માતા પ્રથમા સાથે બચાવાયેલ હાથીનું બચ્ચું. એક એવી ક્ષણમાં, જેણે સમગ્ર કેન્દ્રના હૃદયો જીતી લીધા, મેસીએ માણિકલાલ સાથે અચાનક ફૂટબોલ આધારિત સમૃદ્ધિ પ્રવૃત્તિમાં ભાગ લીધો અને રમતની સાર્વત્રિક ભાષાનું જીવંત પ્રદર્શન કર્યું. હાથીના બચ્ચાએ આ પ્રવૃત્તિનો ઉત્સાહપૂર્વક પ્રતિભાવ આપ્યો અને રમૂજી હલચાલ કરી, જે તેની પોતાની ઊભરતી કુશળતાને દર્શાવતી હતી. આ ક્ષણ મેસીની ભારત મુલાકાતની સૌથી યાદગાર પળોમાંની એક બની ગઈ.

અનંત અંબાણીએ વાંતારાની મુલાકાત બદલ અને પ્રાણીઓ તથા માનવજાત પ્રત્યે નિઃસ્વાર્થ પ્રેરણા આપવા બદલ મેસીનો આભાર માન્યો. તેના જવાબમાં, સ્પેનિશ ભાષામાં મેસીએ કહ્યું, "વાંતારા જે કાર્ય કરી રહ્યું છે તે ખરેખર અદભૂત છે – પ્રાણીઓ માટેનું કાર્ય, તેમને મળતી સંભાળ અને તેમને બચાવીને જે રીતે સાચવવામાં આવે છે તે અત્યંત પ્રભાવશાળી છે. અમે અહીં અતિ સુંદર સમય વિતાવ્યો, સંપૂર્ણપણે આરામદાયક અનુભવ કર્યો, અને આ એક એવો અનુભવ છે જે હંમેશા તમારી સાથે રહે છે. આ અર્થપૂર્ણ કાર્યને પ્રેરણા આપવા અને ટેકો આપવા માટે અમે ચોક્કસપણે ફરી મુલાકાત લઈશું."

મુલાકાતના અંતે મેસીએ



નારિયાળ ઉત્સર્ગ અને મટકા ફોડ જેવી પરંપરાગત વિધિઓમાં ભાગ લીધો, જે સદ્ભાવના અને શુભ શરૂઆતનું પ્રતીક છે.



સમારંભ શાંતિ અને સુખાકારી માટેના મંત્રોચ્ચાર સાથે પૂર્ણ થયો, જે વાંતારાના મિશન અને મેસીના વૈશ્વિક વારસાને જોડતા સહિયારા મૂલ્યોને ઉજાગર કરે છે. સામાજિક કાર્યો, શિક્ષણ, આરોગ્યસંભાળ અને બાળકોના કલ્યાણ માટે સમર્પિત લિઓ મેસી ફાઉન્ડેશનનું નેતૃત્વ કરતા મેસીએ વાંતારાના હેતુ સાથે ઊંડી સહાનુભૂતિ વ્યક્ત કરી અને પ્રાણીઓ માટે કરુણાપૂર્ણ તથા વિજ્ઞાન આધારિત સંભાળના તેના દષ્ટિકોણની પ્રશંસા કરી.



સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
બુધવાર, તા.૧૭-૧૨-૨૦૨૫


# બગસરામાં કન્યાશાળા પાસે ડિમોલેશનની કામગીરી કરતુ તંત્ર

બગસરા,તા.૧૬


તસવીર : હાર્દિક બામટા

બગસરાના અનેક વિસ્તારોમાં લારી ગલ્લા અને રેકડી ધારકો દ્વારા દિન પ્રતિદિન દબાણ વધારવામાં આવી રહ્યું હતું તેવા સમયે ગાંધીનગરથી બગસરામાં દબાણ હટાવવાનીની કામગીરી બાબતે રિપોર્ટ માંગવામાં આવ્યા બાદ આજે બગસરામાં દબાણ હટાવી એક મુખ્ય માર્ગને ખુલ્લો કરવા માટે કામગીરી હાથ ધરવામાં આવી હતી. બગસરા શહેરના મુખ્ય રસ્તાઓ તેમજ મુખ્ય બજારોમાં વેપારીઓ તેમજ નાના દુકાનદારો અને લારીગલ્લા વાળા લોકોએ બગસરાના રસ્તાઓને સાંકડા કરી દીધા હતા આ બાબતે અખબારોમાં અહેવાલ પ્રસિદ્ધ થતા, ગાંધીનગરથી બગસરામાં દબાણ હટાવવાની કામગીરી બાબતે અહેવાલ માગવામાં આવ્યો હતો. જેને પગલે આજે બગસરા નગરપાલિકાએ શહેરના મુખ્ય અવરજવરના માર્ગ શાકમાર્કેટ રોડ પર આવેલ લારી ગલ્લા ધારકના દબાણો હટાવી દીધા હતા. આ સમયે થોડીવાર માટે ઘર્ષણ થયું હતું પરંતુ આખરે તંત્રએ લાલ આંખ કરતાં દબાણ ધારકોએ પોતાનું દબાણ સ્વૈચ્છિક હટાવી લેવા તૈયારી બતાવી દીધી હતી. જેને લીધે દબાણમાં આવી ગયેલો એક મુખ્ય માર્ગ ખુલ્લો થઈ ગયો હતો. હજુ બગસરાના મુખ્ય રસ્તાઓ જેવા કે બસ સ્ટેન્ડ પાછળનો માર્ગ, હોસ્પિટલ રોડ,વિજય ચોકથી નદીપરાનો મેઈન રોડ, સ્ટેશન રોડ સહિતના મુખ્ય રસ્તા પર દબાણ કરી રહ્યું છે તંત્ર હવે આ વિસ્તારમાં પણ તાત્કાલિક દબાણ હટાવવા માટે કામગીરી શરૂ કરે તેવું લોકો ઈચ્છી રહ્યા છે.

# અમરેલી એસ.ટી. ડેપોનાં મહિલા કંડકટરે રોકડ રકમ ભરેલું પાકિટ પરત કરી પ્રામાણિકતા દર્શાવી

અમરેલી,તા.૧૬



અમરેલી ડેપોની એસટી બસ અમરેલી-જાફરાબાદના કંડકટર રાઠોડ તેજલબેનને એક પાકીટ મળ્યું હતું, જેમાં રોકડ રકમ અને મહત્વના કાગળો હતા. આ બસમાં બે બહેનો રવિવારે મુસાફરી કરી રહ્યા હતા ત્યારે આ પાકીટ બસમાં પડી ગયેલું અને તે કંડકટર તેજલબેનને મળ્યું હતું. આ બસ રાજુલા એસટી ડેપોમાં આવતા ત્યાં બે બહેનો દ્વારા ડ્રાઈવર અને કંડકટરને પાકીટ અંગે પૂછપરછ કરી હતી. આથી તેમણે આ પાકીટની ખરાઈ કરીને ફરજ પરના ટ્રાફિક કંટ્રોલર કશુભાઈની રૂબરૂમાં આ પાકીટ તેણે બંને બહેનોને સુપ્રત કર્યું હતું.

# બાબરા ખાતે હોમગાર્ડ જવાનોનું સન્માન


તસવીર : વિજય માલી

બાબરા,તા.૧૬

બાબરામાં હોમગાર્ડ યુનિટના શૌર્યવાન જવાનો શનિરાજ ભટ્ટી અને કિશન રાઠોડ દ્વારા રાત્રિ ફરજ દરમિયાન ચોરીના ઈરાદે ઘુસેલા ચાર ઈસમોને પોતાના જીવને જોખમમાં મૂકીને ભગાડવાના સાહસિક કાર્ય બદલ તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. આ શૌર્યપૂર્ણ કામગીરી બદલ જિલ્લા હોમગાર્ડ કમાન્ડન્ટ રોહિત મહેતાના હસ્તે બંને જવાનોને બિરદાવવામાં આવ્યા હતા.

# બગસરા પાલિકાના રસ્તા માટે મળેલા ટેન્ડર લેવા આવેલા કોન્ટ્રાકટરની ગાડી પર હુમલો

બગસરા,તા.૧૬



બગસરા નગરપાલિકા ખાતે ૬ કરોડના વર્ક ઓર્ડરની નકલ લેવા માટે આવેલ કોન્ટ્રાક્ટરની ગાડી પર નગરપાલિકા બહાર અજાણ્યા શખ્સોના ટોળાએ હુમલો કરી ગાડીને નુકસાન પહોંચાડ્યું હતું. આ સમગ્ર ઘટના નગરપાલિકાના સી.સી.ટી.વી.માં કેદ થયેલ છે. બગસરામાં ચોમાસા દરમિયાન રસ્તાઓ પર પડેલા ખાડા પૂરવા તથા નવા રસ્તા માટે પાલિકા દ્વારા ટેન્ડર બહાર પાડવામાં આવ્યું હતું તેમા શ્રીજી કન્સ્ટ્રક્શન પેઢીને આ ટેન્ડર મળતા મંગળવાર ના રોજ કોન્ટ્રાક્ટર હાર્દિકભાઈ ઠેસીયા વર્ક ઓર્ડર મેળવવા માટે બગસરા નગરપાલિકા ખાતે આવ્યા હતા જ્યાં અજાણ્યા શખ્સોના ટોળાએ આ કોન્ટ્રાક્ટરના નગરપાલિકાની બહાર રહેલા વાહન પર એકી સાથે લાકડીઓ વડે હુમલો કરી ગાડીને નુકસાન પહોંચાડ્યું હતું. બગસરામાં ખાડા પુરવાના કોન્ટ્રાક્ટ બાબતે ક્યારનો વિવાદ શરૂ હતો જેમાં બહારની પેઢીને આ કોન્ટ્રાક્ટ મળતા આ હુમલો કરવામાં આવ્યો હોય તેવું લાગી રહ્યું છે. આ બાબતે પોલીસ ફરિયાદ નોંધવા માટે તજવીજ હાથ ધરવામાં આવી છે. આ સમગ્ર ઘટના બગસરા નગરપાલિકાના સીસીટીવીમાં પણ કેદ થઈ ગયેલ છે.

# અમરેલી સિટી પોલીસ દ્વારા ગૂમ થયેલા મોબાઈલ પરત અપાયા

અમરેલી,તા.૧૬



અમરેલીમાં ''તેરા તુજકો અર્પણ'' કાર્યક્રમને સફળતા મળી છે.અમરેલીના રણજીતભાઈ પંડ્યાનો તા. ૨૦/૧૦/૨૦૨૫ના રોજ ગુમ થયેલો મોબાઈલ ફોન પરત મળ્યો છે. અમરેલી સિટી પોલીસ સ્ટેશનની સર્વેલન્સ ટીમે હ્યુમન સોર્સની મદદથી રૂ.૧,૧૨,૫૦૦/- ની કિંમતના ચાર મોબાઈલ શોધી કાઢ્યા હતા અને મૂળ માલિકને પરત કરી આ કાર્યક્રમને સાર્થક કર્યો હતો.

# રાજુલામાં પોલીસ ફરિયાદના મનદુખમાં મહિલાને ગાળો આપી

રાજુલા, તા.૧૬

રાજુલામાં એક યુવકને પોલીસ ફરિયાદના મનદુખમાં ગાળો આપવામાં આવી હતી. જશીબેન શાંતિભાઈ ચૌહાણ (ઉ.વ.૫૫)એ ભરતભાઈ બાબુભાઈ સોલંકી સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, તેમના દિકરાએ અગાઉ આરોપીના કાકાના દિકરા અશોકભાઈ સોલંકીના દિકરા વિરૂધ્ધ ફરીયાદ કરી હતી. જે વાતનુ મનદુઃખ રાખી આરોપીએ તેમને ફોન કરી જેમ ફાવે તેમ ખરાબ ભાષામા ગાળો આપી હતી. તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. રાજુલા પોલીસ સ્ટેશનના એએસઆઈ બી એમ વાળા વધુ તપાસ કરી રહ્યા છે.

# હનુમાન ખીજડીયા ગામમાં દીપડાએ શ્વાનનો શિકાર કરતા ફફડાટ

અમરેલી,તા.૧૬



વડિયા પંથકમાં વન્યપ્રાણીઓનો આતંક યથાવત્ છે. અગાઉ સિંહોના આંટાફેરા બાદ હવે દીપડાના આગમનથી ગ્રામજનોમાં ભયનો માહોલ ફેલાયો છે. વડિયાના હનુમાન ખીજડિયા ગામે દીપડાએ શ્વાનનો શિકાર કર્યાની ઘટના સામે આવી છે, જે સીસીટીવી કેમેરામાં લાઈવ કેદ થઈ હતી. હનુમાન ખીજડીયા ગામમાં મકાનના ઓટલા પાસે બેઠેલા એક શ્વાન પર દીપડાએ હુમલો કર્યો હતો. સીસીટીવી ફૂટેજમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે દીપડો અત્યંત ચતુરાઈથી અને દબે પગલે શ્વાનની નજીક પહોંચ્યો હતો.

શ્વાનને કંઈ સમજાય તે પહેલાં જ દીપડાએ તેના પર તરાપ મારી હતી અને ગળાના ભાગેથી દબોચી લીધો હતો. આ સમગ્ર ઘટના માત્ર ૫ સેકન્ડમાં બની હતી, જેમાં દીપડો શ્વાનને ઉપાડીને અંધારામાં નાસી છૂટ્યો હતો. આ પંથકમાં થોડા સમય પહેલા સિંહોના આંટાફેરા જોવા મળ્યા હતા, પરંતુ હવે દીપડાની અવરજવર વધતાં સ્થાનિક લોકોમાં ચિંતા પ્રસરી છે. રહેણાંક વિસ્તારમાં ઘૂસીને દીપડાએ શિકાર કરતાં ગ્રામજનો રાત્રિના સમયે બહાર નીકળતા પણ ડરી રહ્યા છે.










## -// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ કોડીનારની કોર્ટમાં //-

નં.જન્મ-મરણ કેસ.નં.૨૨૫/૨૦૨૫

**પ્રતિ,**
શ્રી ઓસામણભાઈ મામદભાઈ પાણાવઢુ,
રહે.વેરાવળ,ગામ-વેરાવળ,તાલુકો-વેરાવળ,
જિલ્લો-ગીર સોમનાથ .....**અરજદાર**

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત, અરણેજ,
તા.કોડીનાર, જિ.ગીર સોમનાથ ......**સામાવાળા**

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, વેરાવળ તાલુકાના વેરાવળ ગામના રહીશ શ્રી મામદભાઈ ઓસામણભાઈ પાણાવઢુ તથા શ્રી ફાતેમા મામદભાઈ પાણાવઢુના પુત્ર ઈકબાલ મામદભાઈ પાણાવઢુનો જન્મ તારીખ. ૦૧/૦૬/૧૯૭૧ ના રોજ કોડીનાર તાલુકાના અરણેજ ગામ ખાતે થયેલ છે. જેની જન્મની નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત અરણેજ, તાલુકો-કોડીનાર સને-૧૯૭૧ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૩/૧૨/૨૦૨૫ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૨/૧૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

કોર્ટનો સિક્કો

**સહી,**
**(એચ.કે.ભાસ્કર)**
**એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

## -// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ કોડીનારની કોર્ટમાં //-

નં.જન્મ-મરણ કેસ.નં.૬૩/૨૦૨૫

**પ્રતિ,**
શ્રી રૂડીબેન દેગણભાઈ મકવાણા,
રહે.ડોળાસા, ગામ-ડોળાસા, તાલુકો-કોડીનાર
જિલ્લો-ગીર સોમનાથ .....**અરજદાર**
**વકીલશ્રી, વી.એમ.રાઠોડ તથા જે.બી.પરમાર, કોડીનાર**

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, ડોળાસા,
તા.કોડીનાર, જિ.ગીર સોમનાથ ......**સામાવાળા**

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના ડોળાસા ગામના રહીશ શ્રી રૂડીબેન દેગણભાઈ મકવાણાના પુત્ર વધુ સ્વ. મોતીબેન કાનાભાઈ મકવાણાનું મરણ તારીખઃ૧૫/૦૭/૨૦૦૬ના રોજ કોડીનાર તાલુકાના ડોળાસા ગામ ખાતે થયેલ છે. જેની મરણની નોંધ કોડીનાર તાલુકાના ડોળાસાના સને.૨૦૦૬ ના મરણ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ મરણ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૨/૧૨/૨૦૨૫ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવા જણાવેલ પરંતુ હવે પછીની આગામી મુદત તારીખઃ૧૮/૧૨/૨૦૨૫ના ૧૫-૦૦ કલાકે રાખવામાં આવેલ હોય વાંધા-તકરાર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૫/૧૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

કોર્ટનો સિક્કો

**સહી,**
**(એચ.કે.ભાસ્કર)**
**એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

## //એક્ઝિક્યુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//

અપીલ રજી નં.૨૩૭/૨૦૨૫

અરજદાર :- શ્રી વઘાસિયા નાનજીભાઈ શામજીભાઈ
મોટા આંકડિયા, ઠે. ગોવિંદભગત વાળુ પરૂ.તા.જિ.અમરેલી.

**વિરૂધ્ધ**
સામાવાળા:- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ. મોટા આંકડિયા, તા.જી.અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના મોટા આંકડિયા ગામમાં અરજદારશ્રી વઘાસિયા નાનજીભાઈ શામજીભાઈએ તેઓની પોતાની જન્મ (૦૫/૦૩/૧૯૫૪)ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૧૦/૧૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

**સહી,**
**એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ**
**અમરેલી ગ્રામ્ય**

## //એક્ઝિક્યુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//

અપીલ રજી નં.૨૩૪/૨૦૨૫

અરજદાર :- શ્રી મનસુખભાઈ બાલુભાઈ મકવાણા
રહે.શેડુભાર, તા.જિ.અમરેલી.

**વિરૂધ્ધ**
સામાવાળા:- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ. શેડુભાર, તા.જી.અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના શેડુભાર ગામમાં મનસુખભાઈ બાલુભાઈ મકવાણા તેઓના પિતાશ્રી બાલુભાઈ લાખાભાઈ મકવાણાની મરણ (તા.૦૪/૦૫/૧૯૯૨)ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૧૦/૧૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

**સહી,**
**એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ**
**અમરેલી ગ્રામ્ય**

વસંતભાઈ મોવલીયા, વનરાજભાઈ કોઠીવાળ, સુરેશભાઈ દેસાઈ સહિતના આગેવાનોએ

# અમરેલીના નાના માચિયાળા ગામે આગેવાનોએ પ્રા.શાળાની કામગીરી નિહાળી

અમરેલી,તા.૧૬





અમરેલીના નાના માચિયાળા ગામમાં નવી નિર્માણ પામતી પ્રાથમિક શાળાની કામગીરીનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતુ. આ મુલાકાતમાં અમરેલી તાલુકા પંચાયત પૂર્વ પ્રમુખ વનરાજભાઈ કોઠીવાળ, ખોડલધામના ટ્રસ્ટી વસંતભાઈ મોવલીયા, સુરેશભાઈ દેસાઈ અને સરપંચ વનરાજભાઈ ડાંગર સાથે રહ્યા હતા. આધુનિક સુવિધાઓ સાથે તૈયાર થઈ રહેલી શાળામાં બાળકોને ગુણવત્તાસભર શિક્ષણ મળી રહે તે મુખ્ય હેતુ છે. આગેવાનોએ વર્ગખંડો, શૌચાલય, પીવાના પાણીની વ્યવસ્થા, મેદાન તેમજ અન્ય જરૂરી સુવિધાઓ અંગે સરપંચ વનરાજભાઈ ડાંગર પાસેથી વિગતવાર માહિતી મેળવી. સરપંચે સમયસર અને ગુણવત્તાપૂર્વક કામ પૂર્ણ કરવાના પ્રયત્નોની જાણકારી આપીને આગેવાનોનો આભાર વ્યક્ત કર્યો હતો. શાળાના આચાર્ય વિશાલ ભટ્ટે આગેવાનોને બાળકોની શાળાકિય પ્રવૃતિ વિશે માહિતગાર કર્યા હતા.

# ધારીના પાદરગઢ ગામે પંચાયતની જમીન પર દબાણ દુર કરાયુ

ધારી,તા.૧૬


તસવીર : સંજય વાળા

ધારી તાલુકાના પાદરગઢ ગામે પંચાયતની જમીન પરના ગેરકાયદેસર દબાણો દુર કરવા માટે વહીવટી તંત્ર દ્વારા વહેલી સવારથી ડિમોલેશનની કામગીરી હાથ ધરવામાં આવી હતી. ધારી ટીડીઓ આર.કે. કલસરિયાના માર્ગદર્શન હેઠળ પોલીસ વિભાગ, રેવન્યુ વિભાગ અને વહીવટી તંત્રની સંયુક્ત ટીમે આ કાર્યવાહી કરી હતી. દબાણકર્તાઓ દ્વારા થયેલું દબાણ દુર કરવામાં આવ્યું હતું.ગામમાં થયેલુ દબાણ દુર થતા ગ્રામજઓએ રાહતનો શ્વાસ લીધો હતો.

# સાવરકુંડલાના નવા માર્કેટ યાર્ડમાં ફરસાણના કેબિનમાં ભીષણ આગ

સાવરકુંડલા, તા.૧૬



સાવરકુંડલા શહેરમાં આવેલા નવા માર્કેટ યાર્ડમાં આજે બપોરે આકસ્મિક આગ લાગવાની ઘટના સામે આવી છે. માર્કેટ યાર્ડના ફરસાણના કેબિનમાં આ આગ લાગી હતી. આ કેબિન મોલડીવાળા ભરતભાઈ ખુમાણની માલિકીનું હોવાનું જાણવા મળ્યું છે. આકસ્મિક આગની જાણ થતાં જ ઘટના સ્થળે ફાયર વિભાગની ટીમ તાત્કાલિક દોડી આવી હતી. ફાયર વિભાગ દ્વારા આગને કાબુમાં લેવા માટે યુદ્ધના ધોરણે પ્રયાસો હાથ ધરવામાં આવ્યા હતા અને અંતે આગ પર સફળતાપૂર્વક નિયંત્રણ મેળવવામાં આવ્યું છે. જોકે, આગ કયા કારણોસર લાગી તે હજુ સુધી જાણી શકાયું નથી. પ્રાથમિક તપાસમાં આગ લાગવાનું કારણ અકબંધ છે અને વિશેષ વિગતો મેળવવાની કાર્યવાહી ચાલી રહી છે. સદભાગ્યે, આ ઘટનામાં કોઈ જાનહાનિ નથી, પરંતુ કેબિનમાં રહેલા માલસામાનને નુકસાન થયું હોવાનું અનુમાન છે.

# અમરેલી ડિસ્ટ્રીક્ટ અંડર-૧૪ ક્રિકેટ ટીમે ઈતિહાસ રચ્યો : જુનાગઢ રૂરલ (વેરાવળ)ને ૨૦૯ રનથી હરાવ્યું

**અમરેલીની ટીમે ૯૦ ઓવરમાં ૫૫૧ રનનો વિશાળ સ્કોર કર્યો હતો**

અમરેલી, તા.૧૬



સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશન (SCA) દ્વારા આયોજિત અંડર- 14 (U-14) બે દિવસીય ક્રિકેટ ટુર્નામેન્ટમાં અમરેલી ડિસ્ટ્રિક્ટ U-14 ટીમે જુનાગઢ રૂરલ (વેરાવળ) U-14 ટીમ સામે ઐતિહાસિક દેખાવ કરીને ભવ્ય વિજય મેળવ્યો હતો. અમરેલીની ટીમે પ્રથમ દાવ લેતાં ધમાકેદાર પ્રદર્શન કર્યું હતું. જેમાં બે બેટ્સમેનોએ સૌથી મોટી ભાગીદારી નોંધાવી હતી. જયદત ઝાલાએ ૨૩૨ રન અને જયવીર જાદવે ૨૨૭ રન બનાવ્યા હતા.

આ બંને ખેલાડીઓની તોફાની બેટિંગના સહારે અમરેલીની ટીમે ૯૦ ઓવરમાં ૬ વિકેટ ગુમાવીને ટુર્નામેન્ટનો સેકન્ડ હાઈએસ્ટ સ્કોર ૫૫૧ રન બનાવી એક ઐતિહાસિક રેકોર્ડ બનાવ્યો હતો.

જવાબમાં, જુનાગઢ રૂરલ (વેરાવળ)ની ટીમ પ્રથમ દાવમાં માત્ર ૬૭ ઓવરમાં ૧૯૨ રન બનાવી ઓલ આઉટ થઈ ગઈ હતી. અમરેલીની ટીમે જુનાગઢ રૂરલને ફોલો-ઓન આપ્યું હતું. બીજા દાવમાં જુનાગઢ રૂરલની ટીમ ૩૪ ઓવરમાં ૫ વિકેટ ગુમાવીને ૧૫૦ રન જ બનાવી શકી હતી. આમ, અમરેલીની ટીમે પ્રથમ દાવમાં બનાવેલા ૫૫૧ રનના વિશાળ લક્ષ્યાંક સામે જુનાગઢ રૂરલ (વેરાવળ)ની ટીમ ટકી ન શકતાં, અમરેલી ડિસ્ટ્રિક્ટ ક્રિકેટ U-14 ટીમનો ૨૦૯ રનથી ભવ્ય વિજય થયો હતો.

# સાવરકુંડલામાં સાહિત્યનો મહાકુંભ: ગુજરાતી સાહિત્ય પરિષદનું ૩૫મું જ્ઞાનસત્ર યોજાશે

સાવરકુંડલા, તા. ૧૬.

શ્રીવિદ્યાગુરુ ફાઉન્ડેશન, સાવરકુંડલાના યજમાનપદે ગુજરાતી સાહિત્ય પરિષદનું ૩૫મું ત્રિદિવસીય જ્ઞાનસત્ર તારીખ ૧૯, ૨૦ અને ૨૧ ડિસેમ્બર ૨૦૨૫ દરમિયાન ભવ્ય રીતે યોજાનાર છે. આ ઐતિહાસિક આયોજન શ્રી રામજી અમરશી સેનિટોરિયમ ખાતે થશે. આ શહેર હાસ્યકાર રતિલાલ બોરીસાગરની સ્મૃતિઓ, જોગીદાસબાપુ ખુમાણની વિરાસત અને ધાર્મિક આશ્રમોની તપોભૂમિથી ગૌરવવંતુ છે. જ્ઞાનસત્રનું આયોજન વિશ્વ વંદનીય પ.પૂ. મોરારીબાપુના આશીર્વાદ સાથે થઈ રહ્યું છે. જ્ઞાનસત્ર દરમિયાન કળા-સાહિત્ય પર ચર્ચાસત્રો, સંગીત રાત્રિ, જુની રંગભૂમિના ગીતોની પ્રસ્તુતિ અને કવિ સંમેલન યોજાશે.



BLUE BUDDHA
Shopping With us can be very rewarding
END OF SEASON SALE
BUY 1 GET 1 FREE
Visit our shop today to avail Amazing Offer
SHOP NO. 30, NEW S.T. BUS STATION, AMRELI. (M) 74338 05806
■ મનિષ વાકોતર ■ વી.ડી. રાણપરીયા
www.bluebuddha.co.in | નોંધ : અમરેલીમાં અમારી બીજી કોઈ બ્રાંચ નથી.



ઉત્સવ મીની ઘાણીનું તેલ
શીગતેલ ■ તલ તેલ તે પણ આપની નજર સામે...
ડેમેજ કે પલળ્યા વગરની જ ફકત...
G 20 મગફળીને ફોલીને પ્યોર ઘાણીનું તેલ
આપની નજર સામે લાઈવ ભરાવો...
સ્થળ : રાધેશ્યામ બાયપાસ ચોકડી, ફાટક પાસે, અમરેલી.
Mo. 94269 61006 | 98790 56605 | 92659 76525


## અવસાન નોંધ

**રાજકોટ**

ગં.સ્વ.ગીતાબેન ભરતભાઈ દુધરેજીયા(મોચી મંદીર)નું તા.૧૫/૧૨/૨૦૨૫ને સોમવારના રોજ રામચરણ પામેલ છે. તેની પ્રાર્થના સભા તા.૧૮/૧૨/૨૦૨૫ને ગુરૂવારના રોજ સાંજે ૪થી ૬ રાખેલ છે. નીલકંઠ ટોકીજ સામેની શેરી, આનંદ નગર કોલોની કર્વાટર એલ ૧૭ સંતકુટીર રાજકોટ ખાતે રાખેલ છે.

**અમરેલી**

સ્વ.ગભરૂભાઈ બચુભાઈ ઉકાણી (ઉ.વ.૬૪)નું તા.૧૧-૧૨-૨૦૨૫ને ગુરૂવારના રોજ અવસાન થયેલ છે. તે નયનભાઈ ગભરૂભાઈ ઉકાણીના અને કેતનભાઈ ગભરૂભાઈ ઉકાણીના પિતા, ભાવેશભાઈ દેવચંદભાઈ ઉકાણીના કાકા, અરવિંદભાઈ બચુભાઈ ઉકાણી તથા મગનભાઈ બચુભાઈ ઉકાણીના ભાઈ, કૃણાલભાઈ અરવિંદભાઈ ઉકાણી અને દક્ષ મગનભાઈ ઉકાણીના કાકાના થાય છે.


શું તમને સાંભળવાની તકલીફ છે ?

☛ નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
☛ બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
☛ જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે
સરકારી નોકરીયાત/પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં ૧૦૦% સહાય

કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363


## નામ બદલાવેલ છે

આથી હું મુગલ સલમા મકબુલ જાહેર કરૂ છું કે મે મારૂ નામ <u>મુગલ સલમાબેન મકબુલભાઈ</u> માંથી બદલાવીને <u>મુગલ સલમા મકબુલ</u> (નવુ)કરેલ છે, અને હવે પછીથી હું <u>મુગલ સલમા મકબુલ</u> (નવુ) તરીકે ઓળખાય,

સહી : <u>મુગલ સલમા મકબુલ</u>

એડ્રેસ : લાઈટ હાઉસ રોડ, તુર્કીમોહલ્લા, જાફરાબાદ, તા.જાફરાબાદ, જી.અમરેલી - ૩૬૫૫૪૦


GST ઘટાડા સાથે આજે જ ટાયર ખરીદો
ફોર વ્હીલ કાર - બાઈક - એક્ટીવા ટ્રક - બસ - ઈકો - બોલેરો - કેરી વગેરેના ટાયર
10% GST ઘટાડા સાથે આજે જ ખરીદો

ટ્રેક્ટર - મીની ટ્રેક્ટર - સનેડો ખેતીને લગતા ટાયર
13% GST ઘટાડા સાથે આજે જ ખરીદો
અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ વ્હીલ - પ્લેટ - ધરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.
ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ, ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ
સંજય ટાયર્સ
બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી.
લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.




અભિનંદન
ગુજરાત સરકાર ના રાજ્યમંત્રી અને અમરેલીના લોકપ્રિય ધારાસભ્ય
માનનીય શ્રી કૌશીકભાઈ વેકરીયા સાહેબ
HRPC મહાત્મા ગાંધી રાષ્ટ્રીય માનવ અધિકાર પુરસ્કાર 2025 થી સન્માનિત થવા બદલ ખુબ ખુબ અભિનંદન
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)
સ્થળ:-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ),ચક્કરગઢ રોડ, અમરેલી
શ્રી વસંતભાઈ ગજેરા – સ્થાપક પ્રમુખશ્રી
શ્રી મનુભાઈ હુમ્મર – પ્રમુખશ્રી | શ્રી પ્રતાપભાઈ જોગાણી – ઉપ પ્રમુખશ્રી
શ્રી મનુભાઈ ડાવરીયા – મંત્રીશ્રી | શ્રી નરેન્દ્રભાઈ હિરપરા – સહમંત્રીશ્રી
શ્રી નાગજીભાઈ સોજીત્રા – મેને. ટ્રસ્ટીશ્રી | શ્રી નાનુભાઈ વેકરીયા – ખજાનચીશ્રી
Ad 158


## -// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ કોડીનારની કોર્ટમાં //-

નં.જન્મ-મરણ કેસ.નં.૨૨૩/૨૦૨૫

**પ્રતિ,**
શ્રી મરીયમબેન અલીમોહમદભાઈ ભાગાણી,
રહે.વેરાવળ,ગામ-વેરાવળ,તાલુકો-વેરાવળ,
જિલ્લો-ગીર સોમનાથ .....**અરજદાર**

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત, અરણેજ,
તા.કોડીનાર, જિ.ગીર સોમનાથ ......**સામાવાળા**

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, વેરાવળ તાલુકાના વેરાવળ ગામના રહીશ અલીમહંમદ શકુર ભાગાણી તથા મરીયમબેન અલીમહંમદ ભાગાણીના પુત્રી હસીના અલીમહંમદ ભાગાણીનો જન્મ તારીખ. ૦૧/૦૧/૧૯૭૯ ના રોજ કોડીનાર તાલુકાના અરણેજ ગામ ખાતે થયેલ છે. જેની જન્મની નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત અરણેજ, તાલુકો-કોડીનાર સને-૧૯૭૯ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૩/૧૨/૨૦૨૫ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૨/૧૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

કોર્ટનો સિક્કો

**સહી,**
**(એચ.કે.ભાસ્કર)**
**એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

## -// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ કોડીનારની કોર્ટમાં //-

નં.જન્મ-મરણ કેસ.નં.૨૨૨/૨૦૨૫

**પ્રતિ,**
શ્રી ઓસામણભાઈ મામદભાઈ પાણાવઢુ,
રહે.વેરાવળ,ગામ-વેરાવળ,તાલુકો-વેરાવળ,
જિલ્લો-ગીર સોમનાથ .....**અરજદાર**

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત, અરણેજ,
તા.કોડીનાર, જિ.ગીર સોમનાથ ......**સામાવાળા**

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, વેરાવળ તાલુકાના વેરાવળ ગામના રહીશ શ્રી ઓસામણભાઈ મામદભાઈ પાણાવઢુ તથા શ્રી અમીનાઓસામણભાઈ પાણાવઢુના પુત્રી હફીજાબેન ઓસમાણભાઈ પાણાવઢુનો જન્મ તારીખ. ૨૩/૧૨/૧૯૮૦ ના રોજ કોડીનાર તાલુકાના અરણેજ ગામ ખાતે થયેલ છે. જેની જન્મની નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત અરણેજ, તાલુકો-કોડીનાર સને-૧૯૮૦ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૩/૧૨/૨૦૨૫ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૨/૧૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

કોર્ટનો સિક્કો

**સહી,**
**(એચ.કે.ભાસ્કર)**
**એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

## -// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ કોડીનારની કોર્ટમાં //-

નં.જન્મ-મરણ કેસ.નં.૨૨૧/૨૦૨૫

**પ્રતિ,**
શ્રી બાબુભાઈ ભગવાનભાઈ ભોળા,
રહે.દેવલપુર,ગામ-દેવલપુર,તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીર સોમનાથ .....**અરજદાર**

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત, દેવલપુર,
તા.કોડીનાર, જિ.ગીર સોમનાથ ......**સામાવાળા**

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, કોડીનાર તાલુકાના દેવલપુર ગામના રહીશ શ્રી બાબુભાઈ ભગવાનભાઈ ભોળા તથા શ્રી જસીબેન બાબુભાઈ ભોળાના પુત્રી ભોળા ક્રિતીકા બાબુભાઈનો જન્મ તારીખ. ૩૦/૦૮/૨૦૦૭ ના રોજ કોડીનાર તાલુકાના દેવલપુર ગામ ખાતે થયેલ છે. જેની જન્મની નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત દેવલપુર, તાલુકો-કોડીનાર સને-૨૦૦૭ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૩/૧૨/૨૦૨૫ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૨/૧૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

કોર્ટનો સિક્કો

**સહી,**
**(એચ.કે.ભાસ્કર)**
**એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

## -// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ કોડીનારની કોર્ટમાં //-

નં.જન્મ-મરણ કેસ.નં.૨૩૧/૨૦૨૫

**પ્રતિ,**
શ્રી સોરઠીયા રજાકભાઈ ઉંમરભાઈ,
રહે.સઘુવીર સોસાયટી,જંગલપીર રોડ, કોડીનાર, ગામ-કોડીનાર, તાલુકો-કોડીનાર
જિલ્લો-ગીર સોમનાથ .....**અરજદાર**

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત, દામલી,
તા.કોડીનાર, જિ.ગીર સોમનાથ ......**સામાવાળા**

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, કોડીનાર તાલુકાના કોડીનાર ગામના રહીશ શ્રી સોરઠીયા ઉંમરભાઈ અલીમામદભાઈ તથા શ્રી સોરઠીયા ખાતુબેન ઉંમરભાઈના પુત્ર સોરઠીયા રજાકભાઈ ઉંમરભાઈનો જન્મ તારીખ. ૦૧/૦૬/૧૯૬૨ ના રોજ કોડીનાર તાલુકાના દામલી ગામ ખાતે થયેલ છે. જેની જન્મની નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત દામલી, તાલુકો-કોડીનાર સને-૧૯૬૨ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૩/૧૨/૨૦૨૫ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૨/૧૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

કોર્ટનો સિક્કો

**સહી,**
**(એચ.કે.ભાસ્કર)**
**એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

## -// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ કોડીનારની કોર્ટમાં //-

નં.જન્મ-મરણ કેસ.નં.૨૧૩/૨૦૨૫

**પ્રતિ,**
શ્રી ગોવિંદભાઈ ભાયાભાઈ વાઢેળ,
રહે.વિરાટ નગર, કોડીનાર, ગામ-કોડીનાર, તાલુકો-કોડીનાર
જિલ્લો-ગીર સોમનાથ .....**અરજદાર**
**વકીલશ્રી, એ.ડી.ઠક્કર કોડીનાર**

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત પણાંદર,
તા.કોડીનાર, જિ.ગીર સોમનાથ ......**સામાવાળા**

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, કોડીનાર તાલુકાના કોડીનાર ગામના રહીશ ભાયાભાઈ જેઠાભાઈ વાઢેળ તથા જેઠીબેન ભાયાભાઈ વાઢેળના પુત્ર ચીમનભાઈ ભાયાભાઈ વાઢેળનો જન્મ તારીખ. ૦૧/૦૬/૧૯૭૨ ના રોજ કોડીનાર તાલુકાના પણાંદર ગામ ખાતે થયેલ છે. જેની જન્મની નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત પણાંદર, તાલુકો-કોડીનાર સને-૧૯૭૨ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૮/૧૨/૨૦૨૫ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૪/૧૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

કોર્ટનો સિક્કો

**સહી,**
**(એચ.કે.ભાસ્કર)**
**એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

**તંત્રી લેખ**

# વધુ અનાજ ઉત્પાદનની આશા

વિશ્વમાં વધુ અનાજ ઉત્પાદનની આશા જાગી છે જેને કારણે ગરીબ અને મધ્યમ વર્ગને રાહત મળવાની શક્યતા વધી છે.આજે જ્યારે ભારતના ખેડૂતો અતિવૃષ્ટિ અને અનિયમિત હવામાનના મારથી ભારે નુકસાન વેઠી રહ્યા છે અને રાહત પૅકેજોની જરૂરિયાત ઊભી થઈ છે, ત્યારે વૈશ્વિક સ્તરેથી આવતા એક અહેવાલે વિશ્વને આવરી લેતી નિરાશાના વાદળો વચ્ચે આશાનું એક મજબૂત કિરણ ફેલાવ્યું છે. સંયુક્ત રાષ્ટ્રના ખાદ્ય અને કૃષિ સંગઠન (FAO) ના તાજા અહેવાલ મુજબ, આગામી વર્ષ ૨૦૨૫માં વૈશ્વિક અનાજ ઉત્પાદન એક નવા જ ઐતિહાસિક રેકોર્ડ સ્તરે પહોંચવાનો અંદાજ છે. મોંઘવારી, આબોહવા પરિવર્તન સંબંધિત આપત્તિઓ અને ખાદ્ય અસુરક્ષાના વિશ્વવ્યાપી પડકારોની પૃષ્ઠભૂમિમાં, આ સમાચાર ખરેખર જનહિત અને આર્થિક સ્થિરતા માટે મહત્વપૂર્ણ અને હૃદયસ્પર્શી છે. આ આંકડાઓ માત્ર કાગળ પરના અંકો નથી, પરંતુ તે વિશ્વની ભુખ અને કુપોષણથી પીડાતી મોટી વસ્તી માટે સાચા અર્થમાં રાહતનો સંદેશ છે. અહેવાલ સૂચવે છે કે ૨૦૨૫માં વૈશ્વિક અનાજ ઉત્પાદન ૪.૪ ટકાના નોંધપાત્ર દરથી વધીને ૨૯૯ કરોડ ટનના વિક્રમી સ્તરે પહોંચી શકે છે. આ વધારો માત્ર એક જ અનાજ પૂરતો સીમિત નથી, પરંતુ ઘઉં, મકાઈ અને ડાંગર (ચોખા) ત્રણેય પ્રમુખ અનાજના ઉત્પાદનમાં વધારો થવાની આશા છે. જવ જેવા અન્ય અનાજ ની પેદાશ પણ વધશે. જોકે, સૌથી વધુ વૃદ્ધિ મકાઈના પાકમાં અપેક્ષિત છે, જ્યારે ડાંગર પણ ઓછી વૃદ્ધિ સાથે વિક્રમી ઉત્પાદન નોંધાવશે. આ બહુવિધ અનાજના ઉત્પાદનમાં થતો વધારો વૈશ્વિક ખાદ્ય સુરક્ષાની મજબૂતાઈ દર્શાવે છે. આ સારા ઉત્પાદનનો સીધો અને સૌથી મોટો લાભ બજારમાં ઘટતી કિંમતોના રૂપમાં જોવા મળશે. જ્યારે પુરવઠો વધે છે, ત્યારે કિંમત સામાન્ય રીતે સ્થિર થાય છે કે ઘટે છે, જેનાથી ગરીબ અને મધ્યમ વર્ગને સીધો ફાયદો થાય છે. ઘટતી કિંમતો અનાજના વપરાશને પણ પ્રોત્સાહન આપશે. અંદાજ છે કે ૨૦૨૫-૨૬માં વૈશ્વિક અનાજ વપરાશ ૨૯૨.૯ કરોડ ટન સુધી પહોંચી શકે છે, જે ગયા વર્ષ કરતાં લગભગ ૧.૮ ટકા વધુ છે. આ વપરાશમાં વધારો માત્ર માનવ ખોરાક તરીકે જ નહીં, પરંતુ પશુઓના ચારા તરીકેના ઉપયોગમાં પણ થવાનો છે. પરિણામે, અનાજનો સંગ્રહ અથવા ભંડાર પણ વધીને ૯૧.૬ કરોડ ટનના વિક્રમી સ્તરે પહોંચી જશે, જે ૨૦૧૭-૧૮ પછીનું સૌથી ઊંચું સ્તર હશે. અનાજનો આ વિશાળ ભંડાર ભવિષ્યના આબોહવા આંચકાઓ સામે વિશ્વને એક મજબૂત બફર પૂરો પાડશે. ઉત્પાદન અને ભંડારમાં વૃદ્ધિની સાથે વૈશ્વિક અનાજ વેપારમાં પણ સુધારો થવાની આશા છે. ૨૦૨૫-૨૬માં અનાજનો વેપાર ૩.૨ ટકા વધીને લગભગ ૫૦ કરોડ ટન સુધી પહોંચવાનો અંદાજ છે. ખાસ કરીને ઘઉંનો વેપાર તો ૫.૧ ટકાના દરથી વધીને એક નવા સીમાચિહ્ન પર પહોંચવાની શક્યતા છે. એશિયાઈ દેશોમાં ઘઉંની સતત વધતી માંગ આ વૃદ્ધિનું મુખ્ય ચાલક બળ બનશે. દુનિયાના અનાજ બજાર માટે એક બીજા અત્યંત સુખદ સમાચાર એ છે કે વિવિધ દેશો દ્વારા અનાજની નિકાસ પર લાદવામાં આવેલા પ્રતિબંધો અને નિયંત્રણો હવે ધીમે ધીમે હળવા થઈ રહ્યા છે. આર્જેન્ટિના, ભારત અને રશિયા જેવા મુખ્ય નિકાસકાર દેશોએ નિકાસ પરના નિયંત્રણો ઘટાડવાનું શરૂ કરી દીધું છે. આ શિથિલતા વૈશ્વિક ખાદ્ય પુરવઠા સાંકળને મજબૂત બનાવશે અને બજારમાં પારદર્શિતા લાવશે. આપણે આશા રાખીએ કે આ વૈશ્વિક સકારાત્મકતા ભારત સહિત તમામ દેશોમાં સ્થાનિક કૃષિ પર થયેલી આફતોને પાર કરવામાં પણ મદદરૂપ થશે. કારણ કે, કૃષિનું ચિત્ર સુધરે, તેનાથી વધુ સુખકર વિશ્વની કલ્પના બીજું શું હોઈ શકે? આ વૈશ્વિક સફળતા ભારતીય ખેડૂતોને પણ નવી પ્રેરણા અને તાકાત આપશે.

# અમરેલીમાં સાવરકુંડલા રોડ બાયપાસ ચોકડીનું 'ભોજલરામ સર્કલ' નામકરણ કરવા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટની માગણી

અમરેલી,તા.૧૬

અમરેલીમાં શ્રી લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સાવરકુંડલા રોડ બાયપાસ ચોકડીને ભોજલરામ સર્કલ નામ આપવા અને અમરેલી નગરપાલિકા બિલ્ડિંગમાં સરદાર વલ્લભભાઈ પટેલની પૂર્ણકદની પંચધાતુની પ્રતિમા સ્થાપવાની માગણી કરવામાં આવી છે. આ અંગે અમરેલીના ધારાસભ્ય અને રાજ્યકક્ષાના ઊર્જા, પેટ્રોકેમિકલ્સ અને સંસદીય બાબતોના મંત્રી કૌશિકભાઈ વેકરીયા તથા



નગરપાલિકાના પ્રમુખ બીપીનભાઈ લીંબાણીને રજૂઆત કરવામાં આવી હતી. સાવરકુંડલા રોડ બાયપાસ ચોકડીથી ભોજલધામ ફતેપુરને જોડતો રસ્તો આવેલો છે. ભોજલધામ ફતેપુરએ સુપ્રસિદ્ધ અને પવિત્ર યાત્રાધામ છે જ્યાં મહાન સંત જલારામ બાપાના ગુરુ ભોજલરામ બાપાનું સુપ્રસિદ્ધ મંદિર આવેલું છે. અહીં આગામી દિવસોમાં પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવવાનો હોય અને દેશ વિદેશથી પાટીદાર સમાજ સહિત સર્વ સમાજના લોકો ખૂબ મોટી સંખ્યામાં આવશે. આ ઉપરાંત સર્કલની અંદર પથ્થરની નાની મઢૂલી બને તથા તેમાં ભોજલરામ બાપાની મૂર્તિ પધરાવવામાં આવે તેવી ટ્રસ્ટના પ્રમુખ ડી.કે રૈયાણી, કોર કમિટીના સભ્યો, રાજેશ માંગરોળીયા, દકુભાઈ ભુવા, ઉપપ્રમુખ કાળુભાઈ કાછડીયા, સહ મંત્રી સંજય (ચંદુભાઈ) રામાણી, રાજુભાઈ ઝાલાવાડિયા, ગોપાલભાઈ કચ્છી વગેરે દ્વારા રજૂઆત કરવામાં આવી છે.

# બાબરા તાલુકાના ખાખરીયા ગામે લગ્નની લાલચે સગીરાનું અપહરણ

બાબરા, તા. ૧૬

અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના ખાખરીયા ગામે મજૂરી કામ કરતા એક શખ્સ સામે સગીરાનું અપહરણ કરી બદકામ કરવાના ઈરાદે ભગાડી જવાની ફરિયાદ નોંધાતા ચકચાર મચી ગઈ હતી. પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, ખાખરીયા ગામે વાડીમાં મજૂરી કામ કરતા પરિવારની સગીર વયની દીકરીનું અપહરણ થયું હતું. સગીરાના ભાઈએ મનુસિંહ કમલેશભાઈ નિનામા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમની બહેન તથા આરોપી સાથે વાડીએ કામ કરતા હતા. આરોપી તેની બહેન સગીર વયની હોવાનું જાણતો હતો. તેમ છતાં લલચાવી-ફોસલાવીને લગ્ન કરવાની લાલચ આપી તેના કાયદેસરના વાલીપણામાંથી ભગાડી ગયો હતો. બાબરા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પી આઈ આર જી ચૌહાણ વધુ તપાસ કરી રહ્યા છે.

# ધારી પોલીસ સ્ટેશન ખાતે પોલીસ અને સ્થાનિક લોકો વચ્ચે ટ્રાફિકની સમસ્યા અંગે મિટીંગ મળી

ધારી, તા.૧૬

ધારી શહેરની લાંબા સમયથી ચાલી આવતી ટ્રાફિક સમસ્યાને હળવી કરવા અને કાયમી ઉકેલ લાવવા માટે ધારી પોલીસ અને સ્થાનિક અગ્રણીઓ વચ્ચે એક મહત્ત્વપૂર્ણ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. ધારીના ડિવિઝનલ પોલીસ અધિક્ષક ગઢવીની સૂચના મુજબ આ બેઠક યોજાઈ હતી. જેમાં ધારીના PSI ડામોર સાહેબ અને વિવિધ



તસવીર : સંજય વાળા

સંગઠનોના હોદ્દેદારો હાજર રહ્યા હતા. બેઠકમાં તાલુકા ભાજપ પ્રમુખ મૃગેશભાઈ કોટડીયા, જિલ્લા ભાજપ કિસાન મોરચાના મહામંત્રી અને ધારી તાલુકા ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ પરેશભાઈ પટ્ટણી, ધારી વેપારી એસોસિએશનના પ્રમુખ મુકેશભાઈ રૂપારેલીયા, ખાનભાઈ, હીનાબેન રાવળ, અને ધર્મેન્દ્રભાઈ લહેરૂ ઉપસ્થિત રહ્યા હતા.

# સાવરકુંડલામાં સાયબર ફ્રોડના રૂ.૧૨.૩૦ લાખની રકમ સગેવગે કરવા બદલ ગુનો નોંધાયો

સાવરકુંડલા, તા. ૧૬

સાવરકુંડલા પંથકમાં સાયબર ફ્રોડ દ્વારા મેળવેલી મોટી રકમ ઉપાડી લઈને સગેવગે કરવા બદલ કેટલાક આરોપીઓ સામે ગુનો નોંધવામાં આવ્યો છે. આ સમગ્ર ઘટનામાં આરોપીઓએ એકબીજાને મદદ કરીને આર્થિક ફાયદો મેળવ્યો હતો.પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ, આરોપીઓએ ઈરફાનભાઈ હુસેનભાઈ પઠાણ (રહે. સાવરકુંડલા નુરાનીનગર) તથા મુબીનભાઈ જીભાઈ ભટ્ટી (રહે. સાવરકુંડલા, મણીનગર) એ મળીને મ્યુલ ખાતા નંબરમાં થયેલા શંકાસ્પદ વ્યવહારોનો લાભ લીધો હતો. આ ખાતામાં NEFT અને RTGS મારફતે કુલ રૂ. ૧૨,૩૦,૦૦૦ જમા થયા હતા. આ રકમ સાયબર ફ્રોડ દ્વારા મેળવવામાં આવી હોવાનું જાણવા છતાં, આરોપીઓએ આ રકમ ઉપાડી લીધી હતી અને તેને સગેવગે કરી એકબીજાને મદદગીરી કરીને ગુનો આચર્યો હતો.પોલીસે આ સમગ્ર સાયબર ફ્રોડ અને મની લોન્ડરિંગના પ્રકરણમાં ગુનો નોંધીને આરોપીઓની ધરપકડ કરવા અને પૈસાની રિકવરી માટે વધુ તપાસ હાથ ધરી હતી.

# સાવરકુંડલા પંથકમાં સાયબર ફ્રોડ દ્વારા મેળવેલા રૂ. ૭.૧૭ લાખ સગેવગે કર્યા

સાવરકુંડલા, તા.૧૬

સાયબર ફ્રોડ અને નાણાકીય ગેરરીતિના એક ગંભીર મામલામાં આરોપીઓએ દેશભરમાંથી ચોરી-ઠગાઈ દ્વારા મેળવેલી રકમને પોતાના બેંક ખાતાઓમાં જમા કરાવી સગેવગે કરી હોવાનું સામે આવ્યું હતું. વિજયભાઈ મનસુખભાઈ જોળીયા (રહે રામગઢ, જગદીશભાઈ બોરડની વાડીએ તા.સાવરકુંડલા જી.અમરેલી મુળ ગામ વાંગર તા.મહુવા જી.ભાવનગર) તથા વિવેકભાઈ ઉર્ફે કાનો મગનભાઈ સોલંકી (રહે. સાવરકુંડલા ઠે. હાથસણી રોડ, પાણીના ટાંકા સામે, તા.સાવરકુંડલા)એ કાવતરું રચીને સાહેદ વિજયભાઈ પ્રેમજીભાઈ ભાલીયાના બેંક એકાઉન્ટનો ઉપયોગ કર્યો હતો. આ ખાતામાં સાયબર ફ્રોડ દ્વારા મેળવેલા રૂ. ૧,૦૦,૬૬૦ જમા કરાવ્યા હતા. વિજયભાઈ જોળીયાએ દેશભરના જુદા-જુદા રાજ્યના બેંક એકાઉન્ટ ધારકોના ખાતામાંથી ચોરી-ઠગાઈ કરીને મેળવેલા હોવાનું જાણતા હોવા છતાં, કુલ રૂ. ૬,૧૭,૦૯૬/- પોતાના ખાતામાં જમા કરાવ્યા હતા. આ રીતે કુલ રૂ. ૭,૧૭,૭૫૬ની રકમ આરોપીઓએ પોતાના આર્થિક ફાયદા માટે એકાઉન્ટમાં જમા કરાવી હતી. આ રકમને આરોપીઓએ અલગ-અલગ ખાતાઓમાં અવારનવાર ઓનલાઈન ટ્રાન્સફર કરીને સગેવગે કરી હતી. પોલીસે જણાવ્યું હતું કે આરોપીઓ આ ખાતાઓ ઓપરેટ કરીને એકબીજાને મદદગારી કરતા હતા.

# લીલીયાના બોડીયા ગામે વાડીએથી ટ્રાન્સફોર્મરની વાઈન્ડીંગની કોઈલોની ચોરી

લીલીયા, તા.૧૬

લીલીયાના બોડીયા ગામે વાડીએથી ટ્રાન્સફોર્મરની વાઈન્ડીંગની કોઈલોની ચોરી થતાં પીજીવીસીએલના નાયબ ઈજનેરે અજાણ્યા ઈસમો સામે ફરિયાદ નોંધાવી હતી. ચેતનકુમાર કાંતીલાલ દેવમુરારી (ઉ.વ.૪૭) એ અજાણ્યા ઈસમો સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, ૨૫/૦૬/૨૫ થી તા.૧૨/૧૧/૨૦૨૫ ના સમયગાળા દરમ્યાન કોઈ અજાણ્યો ઈસમ કોઈપણ સમયે બોડીયા ગામે નિલેશભાઈ ગોવિંદભાઈ જાડાની વાડી/ખેતર માંથી ૧૧KV ની ત્રણ વાયરો વાળી વિજલાઈનના વિજવાયરો આશરે કુલ-૧૦૦૦ મીટર તથા ટ્રાન્સફોર્મરની વાઈન્ડીંગની કોઈલો કુલ આશરે કિ.રૂ.૮૯,૨૩૯ના મત્તાની ચોરી કરી ફરાર થઈ ગયા હતા.

# સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

**રાજકોટ**

| | | |
|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૨૪૦ | ૧૫૩૨ |
| ઘઉં લોકવન | ૫૦૦ | ૫૩૬ |
| ઘઉં ટુકડા | ૫૦૪ | ૬૦૯ |
| જુવાર સફેદ | ૮૦૧ | ૯૦૦ |
| બાજરી | ૩૩૩ | ૪૧૮ |
| તુવેર | ૯૭૨ | ૧૪૫૨ |
| ચણા પીળા | ૯૭૫ | ૧૧૧૫ |
| ચણા સફેદ | ૧૩૯૦ | ૧૯૭૫ |
| અડદ | ૯૬૦ | ૧૪૦૦ |
| મગ | ૧૧૫૦ | ૧૮૧૨ |
| વાલ દેશી | ૫૫૫ | ૯૯૦ |
| ચોળી | ૯૪૦ | ૧૨૯૧ |
| મઠ | ૯૩૦ | ૧૬૩૦ |
| વટાણા | ૭૫૦ | ૧૭૦૦ |
| કળથી | ૪૫૦ | ૭૨૦ |
| રાજમા | ૧૦૦૦ | ૧૪૫૦ |
| મગફળી જાડી | ૧૦૨૧ | ૧૩૭૫ |
| મગફળી જીણી | ૧૦૦૦ | ૧૩૪૫ |
| તલી | ૧૭૨૫ | ૨૧૨૧ |
| એરંડા | ૧૦૦૦ | ૧૨૯૦ |
| અજમો | ૧૧૦૦ | ૧૮૦૦ |
| સોયાબીન | ૮૦૧ | ૮૭૫ |
| સીંગફાડા | ૯૫૬ | ૧૪૭૦ |
| કાળા તલ | ૩૭૦૦ | ૫૦૨૧ |
| લસણ | ૯૫૧ | ૨૧૨૫ |
| ધાણા | ૧૪૦૦ | ૧૮૩૪ |
| મરચા સુકા | ૧૩૦૦ | ૩૪૦૦ |
| ધાણી | ૧૪૪૦ | ૧૯૩૪ |
| વરીયાળી | ૧૧૧૫ | ૧૪૮૫ |
| જીરૂ | ૩૪૭૫ | ૩૯૦૦ |
| રાય | ૧૩૭૫ | ૨૦૪૦ |
| મેથી | ૭૭૫ | ૧૫૪૦ |
| અશેરીયો | ૧૦૩૫ | ૧૧૭૫ |
| કલોંજી | ૩૮૦૦ | ૪૬૦૦ |
| રાયડો | ૧૦૪૦ | ૧૨૬૫ |
| રજકાનું બી | ૧૦૪૦૫ | ૧૦૯૯૯ |
| ગુવારનું બી | ૯૦૦ | ૯૭૫ |

**રાજકોટ (શાકભાજી)**

| | | |
|---|---|---|
| લીંબુ | ૨૯૧ | ૭૫૯ |
| પપૈયા | ૮૪ | ૧૦૬ |
| બટેટા | ૧૩૬ | ૪૦૧ |
| ડુંગળી સુકી | ૭૫ | ૨૫૦ |
| ટમેટા | ૭૧૭ | ૧૦૦૨ |
| સુરણ | ૬૮૩ | ૮૦૬ |
| કોથમરી | ૩૦૪ | ૪૯૭ |
| મુળા | ૩૫૫ | ૫૬૯ |
| રીંગણા | ૬૧૭ | ૧૧૨૪ |
| કોબીજ | ૧૫૪ | ૨૫૨ |
| ફલાવર | ૩૫૭ | ૬૧૨ |
| ભીંડો | ૭૧૯ | ૯૩૭ |
| ગુવાર | ૧૦૬૭ | ૧૫૯૨ |
| ચોળાસીંગ | ૬૬૩ | ૯૨૩ |
| વાલોળ | ૭૫૪ | ૯૯૩ |
| ટીંડોળા | ૪૮૨ | ૭૯૪ |
| દુધી | ૧૦૭ | ૨૨૪ |
| કારેલા | ૮૦૩ | ૧૦૧૧ |
| સરગવો | ૧૨૩૭ | ૧૯૭૦ |
| તુરીયા | ૯૭૧ | ૧૫૨૩ |
| પરવર | ૧૦૧૪ | ૧૪૩૩ |
| કાકડી | ૫૯૭ | ૮૫૪ |
| ગાજર | ૩૦૧ | ૩૯૨ |
| વટાણા | ૭૨૬ | ૯૩૯ |
| તુવેરસીંગ | ૩૧૭ | ૫૦૨ |
| ગલકા | ૪૩૮ | ૬૯૮ |
| બીટ | ૨૦૩ | ૩૨૬ |
| મેથી | ૩૧૫ | ૪૮૯ |
| વાલ | ૮૦૩ | ૧૦૧૨ |
| ડુંગળી લીલી | ૩૧૩ | ૪૦૭ |
| આદુ | ૯૦૬ | ૧૧૧૯ |
| ચણા લીલા | ૭૩ | ૪૩૭ |
| મરચા લીલા | ૪૦૫ | ૭૩૩ |
| હળદર લીલી | ૪૧૭ | ૫૫૨ |
| લસણ લીલું | ૭૦૩ | ૧૩૪૭ |
| મકાઇ લીલી | ૧૯૨ | ૩૨૪ |

**ગોંડલ**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૨૦૧ | ૧૫૨૧ |
| ઘઉં લોકવન | ૫૦૬ | ૫૬૨ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૬૭૪ |
| સિંગદાણા જાડા | ૧૨૦૦ | ૧૩૮૬ |
| સિંગ ફાડીયા | ૧૧૦૦ | ૧૨૦૦ |
| એરંડા / એરંડી | ૧૦૪૧ | ૧૩૨૬ |
| જીરૂ | ૨૫૦૦ | ૩૯૬૧ |
| વરીયાળી | ૧૧૫૧ | ૧૨૭૬ |
| ધાણા | ૮૦૧ | ૧૯૦૧ |
| લસણ સુકું | ૮૫૧ | ૧૯૧૧ |
| અડદ | ૮૫૧ | ૧૩૦૧ |
| તુવેર | ૭૫૧ | ૧૨૭૧ |
| મેથી | ૮૦૦ | ૧૨૫૧ |
| કાંગ | ૨૫૧ | ૫૯૧ |
| સફેદ ચણા | ૧૦૩૬ | ૧૯૧૧ |
| તલ - તલી | ૧૪૫૧ | ૨૧૭૧ |
| ઇસબગુલ | ૨૭૦૧ | ૨૭૦૧ |
| ધાણી | ૮૫૧ | ૧૯૦૧ |
| ડુંગળી સફેદ | ૧૩૧ | ૪૦૧ |
| બાજરો | ૩૮૧ | ૪૧૧ |
| મકાઇ | ૩૫૧ | ૩૫૧ |
| મગ | ૭૫૧ | ૧૬૪૧ |
| ચણા | ૯૦૧ | ૧૦૮૬ |
| વાલ | ૬૭૬ | ૯૨૬ |
| ચોળા / ચોળી | ૪૨૬ | ૧૨૨૬ |
| સોયાબીન | ૭૦૧ | ૮૭૬ |
| ગોગળી | ૮૦૦ | ૧૧૦૦ |
| વટાણા | ૧૬૫૧ | ૧૬૫૧ |

**ગોંડલ (શાકભાજી)**

| | | |
|---|---|---|
| ટમેટા | ૪૦૦ | ૧૦૦૦ |
| મરચા | ૨૦૦ | ૧૨૦૦ |
| ગુવાર | ૭૦૦ | ૨૪૦૦ |
| કોબી | ૧૬૦ | ૪૦૦ |
| દુધી | ૬૦ | ૨૦૦ |
| ફલાવર | ૫૦ | ૬૦૦ |
| કાકડી | ૩૦૦ | ૮૦૦ |
| રીંગણા | ૪૦૦ | ૧૨૦૦ |
| ભીંડો | ૬૦૦ | ૧૪૦૦ |
| ગલકા | ૩૦૦ | ૯૦૦ |
| ગાજર | ૧૬૦ | ૫૦૦ |
| ટિંડોરા | ૩૦૦ | ૬૦૦ |
| તુવેર | ૨૦૦ | ૭૦૦ |
| વાલ | ૬૦૦ | ૧૨૦૦ |
| વટાણા | ૮૦૦ | ૧૦૦૦ |
| શક્કરીયા | ૨૦૦ | ૫૦૦ |
| કેરી કાચી | ૧૪૦૦ | ૧૬૦૦ |
| બટેટા | ૨૪૦ | ૪૦૦ |
| લીલી હળદર | ૩૦૦ | ૬૦૦ |
| ડુંગળી પુરા | ૨ | ૫ |
| તાંજરીયા પુરા | ૪ | ૯ |
| કોથમીર પુરા | ૧ | ૪ |
| મૂળા પુરા | ૫ | ૮ |
| ફોદીનો પુરા | ૧ | ૪ |
| પચકારુ | ૩૦૦ | ૫૦૦ |
| ઘીસોડા | ૮૦૦ | ૧૬૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૭૦૦ |
| મેથી પુરા | ૧ | ૭ |
| બીટ પુરા | ૫ | ૧૦ |
| સરગવો પુરા | ૧૦ | ૩૦ |
| ચોરા | ૩૦૦ | ૯૦૦ |
| કારેલા | ૫૦૦ | ૧૦૦૦ |
| વાલોર | ૪૦૦ | ૮૦૦ |
| કાચા પોપૈયા | ૬૦ | ૨૦૦ |
| આદુ | ૮૦૦ | ૧૩૦૦ |
| ફણશી | ૧૮૦૦ | ૨૪૦૦ |
| મકાઈ ડોડા | ૧૮૦ | ૪૦૦ |
| લસણ પુરા | ૩ | ૫ |
| પાલક પુરા | ૨ | ૪ |

**અમરેલી**

| | | |
|---|---|---|
| શિંગ મઠડી | ૭૯૦ | ૧૩૦૦ |
| શિંગ ૬૬ | ૧૨૧૦ | ૧૨૧૦ |
| ગીરનાર શિંગ | ૯૫૦ | ૧૩૦૪ |
| શિંગ મોટી | ૮૩૦ | ૧૪૦૦ |
| શિંગ દાણા | ૧૦૬૦ | ૧૩૯૬ |
| તલ સફેદ | ૧૦૦૦ | ૨૩૪૨ |
| તલ કાળા | ૨૫૦૦ | ૫૨૦૫ |
| તલ કાશ્મીરી | ૨૩૬૫ | ૨૪૬૫ |
| જુવાર | ૮૩૧ | ૮૩૧ |
| ઘઉં ટુકડા | ૪૭૦ | ૫૭૩ |
| ઘઉં લોકવન | ૪૭૧ | ૫૭૩ |
| મકાઈ | ૪૦૦ | ૬૦૦ |
| અડદ | ૭૦૦ | ૧૨૧૦ |
| ચણા | ૭૫૦ | ૧૧૩૫ |
| સફેદ ચણા | ૯૬૬ | ૧૧૦૦ |
| છોલે ચણા | ૧૫૦૫ | ૧૫૦૫ |
| તુવેર | ૧૦૧૫ | ૧૦૯૦ |
| કપાસ | ૮૦૦ | ૧૫૮૦ |
| એરંડા | ૧૦૦૦ | ૧૨૯૪ |
| જીરૂ | ૩૬૦૦ | ૩૬૯૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૭૭૦ |
| મેથી | ૯૦૦ | ૯૮૦ |
| સોયાબીન | ૭૦૦ | ૮૭૨ |
| રજકાનુ બી | ૫૨૦૦ | ૯૧૦૦ |
| મરચાં લાંબા | ૭૫૦ | ૩૬૯૦ |
| કાંગ | ૫૧૧ | ૫૩૬ |

**અમરેલી (શાકભાજી)**

| | | |
|---|---|---|
| બટેટા | ૩૦૦ | ૪૦૦ |
| રીંગણા | ૧૪૦૦ | ૧૬૦૦ |
| ફ્લાવર | ૫૦૦ | ૫૫૦ |
| કોબીઝ | ૨૦૦ | ૨૫૦ |
| શક્કરીયા | ૬૨૦ | ૮૨૦ |
| ટમેટાં | ૭૫૦ | ૯૧૦ |
| સુરણ | ૮૦૦ | ૯૦૦ |
| ગાજર | ૫૦૦ | ૬૦૦ |
| દુધી | ૧૬૦ | ૨૦૦ |
| કારેલા | ૮૦૦ | ૧૦૦૦ |
| ગલકા | ૫૦૦ | ૭૦૦ |
| મુળા | ૩૩૦ | ૪૩૦ |
| કાકડી | ૩૦૦ | ૫૦૦ |
| ગુવાર | ૮૦૦ | ૧૬૦૦ |
| વાલોળ | ૫૦૦ | ૬૦૦ |
| વટાણા | ૮૦૦ | ૧૦૦૦ |
| ચોળા લીલા | ૪૦૦ | ૭૦૦ |
| તુરીયા | ૮૧૦ | ૧૦૧૦ |
| આમળા | ૪૦૦ | ૮૦૦ |
| વાલ | ૮૧૦ | ૯૧૦ |
| ભીડો | ૮૦૦ | ૧૦૦૦ |
| આદુ | ૧૧૦૦ | ૧૨૦૦ |
| કોથમીર | ૨૦૦ | ૩૦૦ |
| મેથીભાજી | ૫૧૦ | ૬૧૦ |
| ફોદીનો | ૭૨૦ | ૮૨૦ |
| ટીંડોરા | ૭૦૦ | ૮૦૦ |
| બીટ | ૫૦૦ | ૭૦૦ |
| તુવેર | ૪૦૦ | ૫૦૦ |
| લીમડો મીઠો | ૨૦૦ | ૩૦૦ |
| મરચાં લીલા | ૩૦૦ | ૬૦૦ |
| મરચાં લાલ | ૧૧૦૦ | ૧૨૦૦ |
| ડુંગળી લીલી | ૩૧૦ | ૪૧૦ |
| ડુંગળી સુકી | ૧૦૦ | ૩૦૦ |
| લસણ લીલુ | ૧૦૨૦ | ૧૨૨૦ |
| લસણ સુકુ | ૪૦૦ | ૧૨૦૦ |
| પાલક | ૬૨૦ | ૭૨૦ |
| લીંબુ | ૪૧૦ | ૬૧૦ |
| મકાઈ | ૨૧૦ | ૩૧૦ |

**સાવરકુંડલા**

| | | |
|---|---|---|
| શીંગ જીણી | ૧૦૦૦ | ૧૨૮૧ |
| શીંગ મોટી | ૧૦૫૦ | ૧૩૭૧ |
| તલ સફેદ | ૧૬૦૦ | ૨૧૫૦ |
| તલ કાળા | ૪૦૦૦ | ૪૭૧૦ |
| જીરૂ | ૩૬૦૦ | ૩૯૨૦ |
| કપાસ | ૧૧૦૦ | ૧૫૪૨ |
| ઘઉં લોકવન | ૪૭૫ | ૫૬૫ |
| ઘઉં ટુકડા | ૪૯૦ | ૫૮૭ |
| બાજરો | ૩૫૦ | ૫૦૦ |
| અડદ | ૮૩૨ | ૧૨૦૦ |
| તુવેર | ૭૫૦ | ૧૨૬૨ |
| ચણા | ૮૦૦ | ૧૧૫૦ |
| સોયાબીન | ૭૦૬ | ૮૦૦ |

**બગસરા**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૦૦૦ | ૧૬૦૦ |
| ઘઉં લોકવન | ૪૭૦ | ૫૧૪ |
| ઘઉ ટુકડા | ૪૭૦ | ૫૧૪ |
| મેથી | ૫૦૦ | ૫૦૦ |
| ચણા | ૯૦૦ | ૧૦૧૨ |
| ધાણા | ૧૫૦૦ | ૧૭૯૫ |
| તુવેર | ૮૦૦ | ૧૦૪૫ |
| અડદ | ૭૦૦ | ૧૧૦૦ |
| જુવાર | ૪૪૦ | ૪૪૦ |
| સોયાબીન | ૫૦૦ | ૮૭૫ |
| મગફળી | ૫૦૦ | ૧૧૧૦ |
| તલ સફેદ | ૧૨૦૦ | ૨૨૯૦ |
| શીંગ દાણા | ૯૯૦ | ૧૯૦૦ |
| તલ કાળા | ૧૫૧૦ | ૩૩૨૦ |
| લસણ | ૭૪૦ | ૧૫૦૦ |
| કાંગ | ૩૬૦ | ૩૬૦ |

**બાબરા**

| | | |
|---|---|---|
| કપાસ શંકર | ૧૨૫૦ | ૧૫૬૧ |
| કપાસ મીડીયમ | ૯૫૦ | ૧૨૪૦ |
| મગફળી | ૧૦૦૯ | ૧૩૬૧ |
| તલ સફેદ | ૧૬૬૦ | ૨૦૮૦ |
| તલ કાળા | ૩૧૧૦ | ૪૫૦૦ |
| જીરૂ | ૩૨૨૦ | ૩૯૩૦ |
| ઘઉં | ૪૭૬ | ૫૨૪ |
| અડદ | ૯૧૦ | ૧૨૩૦ |
| ચણા | ૯૨૦ | ૧૧૦૦ |
| સોયાબીન | ૭૯૦ | ૮૫૦ |

**લીલીયા મોટા**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૦૦૦ | ૧૫૧૯ |

**ધારી**

| | | |
|---|---|---|
| કપાસ એ | ૧૨૧૧ | ૧૪૧૬ |
| કપાસ કોડી | ૧૧૪૧ | ૧૧૪૧ |
| મગફળી | ૯૩૦ | ૧૨૫૧ |
| ઘંઉ | ૫૦૧ | ૫૧૯ |
| ચણા | ૧૦૧૧ | ૧૦૧૧ |
| એરંડા | ૧૧૦૧ | ૧૧૦૧ |
| તલ સફેદ | ૧૯૧૦ | ૧૯૧૦ |
| તલ કાળા | ૩૭૦૦ | ૩૭૦૦ |
| ધાણા | ૧૦૧૧ | ૧૫૨૧ |
| જીરૂ | ૩૨૨૫ | ૩૨૨૫ |
| સીંગદાણા | ૧૧૫૫ | ૧૨૩૬ |
| સોયાબીન | ૭૧૧ | ૮૦૧ |

**રાજુલા**

| | | |
|---|---|---|
| શીંગ | ૯૦૦ | ૧૪૧૪ |
| તલ સફેદ | ૧૭૦૦ | ૧૭૦૦ |
| તલ કાળા | ૪૧૦૦ | ૪૧૦૦ |
| તલપીળા | ૧૮૧૮ | ૨૧૫૦ |
| કપાસ | ૮૦૧ | ૧૫૨૫ |
| બાજરો | ૩૦૦ | ૪૪૮ |
| ઘઉં ટુકડા | ૩૫૧ | ૫૭૫ |
| જુવાર | ૫૫૦ | ૯૯૦ |
| મગ | ૭૦૦ | ૨૮૫૧ |
| તુવેર | ૧૧૨૫ | ૧૧૨૫ |
| ચણા | ૫૦૦ | ૧૨૭૫ |
| ધાણા | ૧૧૨૦ | ૨૦૦૦ |
| સોયબીન | ૮૦૦ | ૮૧૨ |

**ભેંસાણ**

| | | |
|---|---|---|
| કપાસ | ૧૦૦૧ | ૧૫૭૧ |
| ઘઉ | ૪૦૧ | ૫૩૦ |
| મગ | ૯૦૧ | ૧૨૫૧ |
| ચણા | ૭૦૧ | ૧૦૧૬ |
| અડદ | ૮૦૧ | ૧૨૩૬ |
| મગફળી | ૭૦૧ | ૧૨૦૧ |
| શિગફાડા | ૧૦૦૧ | ૧૨૧૬ |
| તલ સફેદ | ૧૦૦૧ | ૧૭૦૧ |
| જીરૂ | ૩૦૦૧ | ૩૭૩૧ |
| ધાણા | ૧૦૦૧ | ૧૮૫૧ |
| સોયાબીન | ૬૦૧ | ૮૫૧ |

**કોડીનાર**

| | | |
|---|---|---|
| મગફળી જી-૨૦ | ૧૦૨૧ | ૧૪૩૦ |
| મગફળી ૩૨ | ૧૦૦૧ | ૧૩૩૩ |
| બાજરી હાઈબ્રીડ | ૩૫૦ | ૫૭૫ |
| ઘઉં ટુકડા | ૪૮૦ | ૫૬૦ |
| જુવાર | ૮૩૫ | ૯૩૫ |
| અડદ | ૭૦૦ | ૧૪૦૨ |
| ચણા | ૮૫૦ | ૧૦૬૪ |
| તલ સફેદ | ૧૪૫૦ | ૨૧૬૧ |
| તલ કાળા | ૩૦૫૦ | ૪૭૨૦ |
| સોયાબીન | ૭૨૧ | ૮૬૫ |

**મહુવા**

| | | |
|---|---|---|
| શીંગ ૩૨ | ૮૮૨ | ૧૨૯૪ |
| શીંગ ૩૯ | ૯૫૧ | ૧૨૩૨ |
| શીંગ ગીરનાર | ૯૦૦ | ૧૩૪૫ |
| શીંગ જી ૨૦ | ૯૪૦ | ૧૩૩૫ |
| એરંડા | ૪૦૦ | ૧૩૩૫ |
| જુવાર | ૪૨૫ | ૭૩૪ |
| બાજરી | ૪૦૦ | ૬૨૬ |
| બાજરો | ૧૦૦૦ | ૧૫૦૦ |
| ઘઉં ટુકડા | ૪૮૭ | ૬૩૭ |
| અડદ | ૨૦૦ | ૧૦૫૦ |
| દેશી મગ | ૩૮૦ | ૩૧૩૫ |
| મઠ | ૧૪૧૪ | ૧૫૫૦ |
| ચણા | ૮૨૫ | ૯૯૩ |
| તલ સફેદ | ૧૮૫૦ | ૨૨૦૧ |
| તલ કાળા | ૧૮૫૦ | ૨૨૦૧ |
| તુવેર | ૯૯૯ | ૯૯૯ |
| જીરૂ | ૩૫૩૫ | ૩૫૫૦ |
| ડુંગળી લાલ | ૮૦ | ૪૨૧ |
| ડુંગળી સફેદ | ૧૫૦ | ૨૦૬ |
| ડુંગળીસફેદ બી. | ૨૦૬ | ૭૭૪ |
| કપાસ શંકર | ૭૦૦ | ૧૫૦૯ |
| નાળીયેર | ૩૮૦ | ૧૯૨૫ |

**જામનગર**

| | | |
|---|---|---|
| બાજરો | ૩૪૫ | ૪૨૫ |
| ઘઉં | ૪૪૮ | ૫૫૫ |
| મગ | ૧૨૦૦ | ૧૬૮૦ |
| અડદ | ૯૨૫ | ૧૨૪૫ |
| તુવેર | ૨૦૦ | ૯૦૦ |
| વાલ | ૫૦૦ | ૭૦૦ |
| ચણા | ૯૫૦ | ૧૦૪૫ |
| ચણા સફેદ | ૧૦૦૦ | ૧૭૮૦ |
| મગફળી જીણી | ૧૧૦૦ | ૧૩૨૫ |
| મગફળી જાડી | ૧૦૦૦ | ૧૨૮૦ |
| મગફળી ૬૬ | ૧૧૦૦ | ૧૩૨૫ |
| મગફળી ૯ | ૧૧૦૦ | ૧૬૨૫ |
| એરંડા | ૧૧૦૦ | ૧૨૮૫ |
| તલ | ૧૭૮૦ | ૨૧૪૦ |
| લસણ | ૧૧૭૫ | ૨૫૦૦ |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૩૫ |
| જીરૂ | ૨૮૦૦ | ૩૮૦૦ |
| અજમો | ૧૫૦૦ | ૩૩૬૦ |
| અજમા ની ભુસી | ૩૦ | ૧૯૦૦ |
| ધાણા | ૧૬૦૦ | ૧૭૭૦ |
| મરચા | ૮૦૦ | ૩૨૦૫ |
| ડુંગળી સુકી | ૫૦ | ૪૩૫ |
| સોયાબીન | ૭૦૦ | ૮૭૦ |
| વટાણા | ૧૦૦૦ | ૧૩૩૦ |




લાગે તો તીર : એક હારો, રૂડો રૂપાળો અને કિંમતી પુરસ્કાર જોઈએ છે

# હિંદુઓમાં વધુ બાળકોનો ટ્રેન્ડ શરૂ થશે ?



ભારતમાં ૨૦૨૬માં વસતી ગણતરી શરૂ થશે.

કેન્દ્રની નરેન્દ્ર મોદીની સરકારે લીધેલા નિર્ણય પ્રમાણે, ૧ એપ્રિલથી સપ્ટેમ્બર ૨૦૨૬ દરમિયાન વસતી ગણતરીનો પહેલો તબક્કો હાથ ધરાશે જ્યારે બીજો તબક્કો ફેબ્રુઆરી ૨૦૨૭માં હાથ ધરાશે. પહેલા તબક્કામાં હાઉસ લિસ્ટિંગ અને હાઉસિંગ સેન્સસ હાથ ધરીને તમામ ઘરોની નોંધણી કરાશે અને બીજા તબક્કામાં વસતી ગણતરી માટે નિમાયેલો સ્ટાફ ઘરે ઘરે ફરીને દરેક ઘરમાં કેટલાં લોકો રહે છે તેની વિગતો મેળવશે.

ભારતમાં ૧૯૫૧થી દર દસ વરસે વસતી ગણતરી કરાય છે અને છેલ્લી વસ્તી ગણતરી ૨૦૧૧માં થઈ હતી. ૨૦૨૧માં વસતી ગણતરી થવાની હતી પણ કોવિડને કારણે મુલતવી રખાતાં હવે ૫ વર્ષ પછી વસતી ગણતરી હાથ ધરાશે. આ વસતી ગણતરી માટે રૂપિયા ૧૧,૭૧૮ કરોડનું બજેટ મંજૂર કરી દેવાયું છે અને વસતી ગણતરી ડિજિટલી કરવાનું પણ નક્કી કરાયું છે. મતલબ કે, વસતી ગણતરી કરનારા તમારા ઘરે આવે તેની રાહ જોવાની જરૂર નથી. નાગરિકો પોતે પોતાની માહિતી ઓનલાઈન ભરીને વસતી ગણતરીમાં ભાગ લઈ શકશે. ઓનલાઈન માહિતી ના ભરી હોય એવા નાગરિકોના કિસ્સામાં ફિલ્ડ અધિકારીઓ ઘરે જશે પણ ઘરે જઈને પણ ડેટા કલેક્શન તો મોબાઈલ એપ્લિકેશનનો ઉપયોગ કરીને જ કરાશે.

આ વસતી ગણતરી જ્ઞાતિ આધારિત હશે તેથી દેશમાં પહેલી વાર જ્ઞાતિ આધારિત વસતી ગણતરી થશે. ભારતમાં આઝાદી પછી કદી જ્ઞાતિ આધારિત વસતી ગણતરી થઈ નથી પણ મોદી સરકારે જ્ઞાતિ આધારિત વસતી ગણતરીની પહેલ કરી છે. આ પહેલાંની વસતી ગણતરી વખતે વસતી ગણતરીના ફોર્મમાં વ્યક્તિની જ્ઞાતિ નહોતી પૂછાતી. દેશમાં સૌથી પછાત મનાતી અનુસૂચિત જાતિ (એસસી) અને અનુસૂચિત જનજાતિ (એસટી)નો ઉલ્લેખ કરાયો છે પણ જ્ઞાતિ નહોતી પૂછાતી.

ભારતમાં ૧૯૫૧માં પહેલી વસતી ગણતરી થઈ ત્યારથી આ નિયમ પળાય છે તેનું કારણ અંગ્રેજ સરકારનો અનુભવ હતો. અંગ્રેજોના શાસનમાં જ્ઞાતિ આધારિત વસતી ગણતરી થતી. ૧૯૩૧ની વસતી ગણતરી જ્ઞાતિ આધારિત હતી. અંગ્રેજો ભાગલા પાડો અને રાજ કરોમાં માનતા તેથી લોકોને જ્ઞાતિઓના આધારે લડાવવા આ ધંધો કર્યો. આઝાદ ભારતમાં રાષ્ટ્રભાવનાને પ્રબળ બનાવીને જ્ઞાતિવાદને જાકારો આપવા જ્ઞાતિનો ઉલ્લેખ બંધ કરી દેવાયેલો પણ ભાજપ સરકાર ફરી અંગ્રેજોની પ્રથા પાછી લાવી રહી છે.

બે વર્ષ પહેલાં યુનાઈટેડ નેશન્સ પોપ્યુલેશન ફંડ (યુએનપીએફએ) દ્વારા ભારત દુનિયામાં સૌથી વધારે વસતી ધરાવતો દેશ બની ગયો છે એવું સત્તાવાર રીતે જાહેર કરાયું હતું. આ જાહેરાત પ્રમાણે ચીનની વસતી ૧૪૨.૫૭ કરોડ જ્યારે ભારતની વસતી ૧૪૨.૮૬ કરોડ હતી. ચીન કરતાં ભારતની વસતી ૨૯ લાખ વધારે હતી પણ અત્યારે ભારત ચીન કરતાં કેટલું આગળ છે એ ખબર નથી. ચીનમાં છેલ્લાં બે વર્ષથી વસતીમાં ઘટાડાનો ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે જ્યારે ભારતમાં વસતી વધારો રોકાતો નથી તેથી ભારત અને ચીન વચ્ચે કેટલો ગાળો છે એ પણ વસતી ગણતરી સ્પષ્ટ કરશે.

■■■

ભારતમાં હિન્દુઓ લઘુમતી બની જશે ?

લાંબા સમયથી આ સવાલ ચર્ચાઈ રહ્યો છે અને હિંદુવાદી નેતાઓ તો ખુલ્લેઆમ આ ચેતવણી આપે છે. આ વખતની વસતી ગણતરીના કારણે આ ડર સાચો છે કે નહીં તેની ખબર પડશે કેમ કે વસતી ગણતરીના આંકડાને આધારે દોઢ દાયકામાં હિંદુઓમાં વસતી વધારાનું પ્રમાણ અન્ય ધર્મનાં લોકો અને ખાસ તો મુસ્લિમોની સરખામણીમાં કેટલું છે એ સ્પષ્ટ થશે.



બ્રેકિંગ પોઈન્ટ
નેહા શર્મા

ગયા વરસે ઈકોનોમિક એડવાઈઝરી કાઉન્સિલ ટુ પ્રાઈમ મિનિસ્ટર (PM-EAC)નો રિપોર્ટ બહાર આવ્યો હતો. આ રિપોર્ટમાં ચોંકાવનારો દાવો કરાયો કે, આઝાદીથી અત્યાર સુધીમાં ભારતમાં દેશની વસતીમાં હિંદુઓના પ્રમાણમાં ૭.૮ ટકાનો ઘટાડો થયો છે જ્યારે મુસ્લિમોની વસતીમાં ૪૩ ટકાનો વધારો થયો છે.

આઝાદી પહેલાં બ્રિટિશ ઈન્ડિયાની કુલ વસતી ૩૯ કરોડ હતી. તેમાંથી ૮ કરોડ લોકો પાકિસ્તાનમાં ગયાં તેથી ભારતની વસતી ૩૧ કરોડ રહી. આઝાદી પછી ૧૯૫૧માં પહેલી વસતી ગણતરી થઈ ત્યારે વસતી ૩૬ કરોડ થઈ હતી. એ વખતે ભારતની વસ્તીમાં હિંદુઓનો હિસ્સો ૮૪ ટકા હતો તે ૨૦૧૫માં ઘટીને ૭૮ ટકા થઈ ગયો એવું રિપોર્ટ કહે છે. બીજી તરફ ૧૯૫૧માં દેશની કુલ વસતીમાં મુસ્લિમોનો હિસ્સો ૯.૮૪ ટકા હતો પણ ૬૫ વર્ષમાં દેશની કુલ વસતીમાં મુસ્લિમોનો હિસ્સો વધીને ૧૪.૦૯ ટકા થયો છે.

આ રિપોર્ટના પગલે હિંદુઓ ધીરે ધીરે ભારતમાં લઘુમતી બનવા તરફ આગળ વધી રહ્યા હોવાનો સૂર કઢાયો હતો.

દેશની કુલ વસતીમાં આ સમયગાળા દરમિયાન ખ્રિસ્તીઓની વસતીમાં ૫.૩૮ ટકા, સીખોમાં ૬.૫૮ ટકા અને બૌદ્ધોમાં ૦.૪ ટકાનો નજીવો વધારો જોવા મળ્યો હતો. ભારતમાં હિંદુઓનું પ્રમાણ કુલ વસતીમાં ઘટ્યું તેના કારણે બીજા ધર્મનાં લોકોની વસતીનું પ્રમાણ વધ્યું એવો સૂર આ રિપોર્ટ પરથી નીકળતો હતો પણ આ રિપોર્ટમાં ક્યા ધર્મનાં કેટલાં લોકો ભારતમાં રહે છે તેના ચોક્કસ આંકડા નહોતા.

વસતી ગણતરી ચોક્કસ આંકડા આપશે તેથી ઈકોનોમિક એડવાઈઝરી કાઉન્સિલ ટુ પ્રાઈમ મિનિસ્ટર (PM-EAC)નો રિપોર્ટ ખરેખર કેટલો ચોક્કસ છે એ સ્પષ્ટ થશે. ભારતની વસતીમાં હિંદુઓનું પ્રમાણ ઘટી રહ્યું છે અને મુસ્લિમોનું વધી રહ્યું છે એ વાત નવી નથી. ભારતમાં દરેક દાયકામાં થયેલી વસતી ગણતરીના આંકડા તેનો પુરાવો છે. છેલ્લા બે દાયકાની વસતી ગણતરીના આંકડા પ્રમાણે ૧૯૯૧-૨૦૦૧ના દાયકામાં હિન્દુઓની વસતી ૧૯.૯૨ ટકા વધી તો સામે મુસ્લિમોની વસતી ૨૯.૫૨ ટકા વધી હતી.

૨૦૦૧-૨૦૧૧ના દાયકામાં હિન્દુઓના વસતી વધારાનો દર ૧૮.૬૦ ટકા હતો જ્યારે મુસ્લિમોની વસતી વધારાનો દર ૨૪.૬૦ ટકા હતો. આ બંને દાયકામાં હિંદુઓ કરતાં મુસ્લિમોમાં વસતી વધારાનો દર ૫ ટકાથી ૧૦ ટકા વધારે છે. આ હાલત દરેક દાયકામાં રહી છે અને આ ઉંચા વસતી વધારા દરના કારણે દેશની વસતીમાં મુસ્લિમોનું પ્રમાણ વધી રહ્યું છે.

■■■

વસતી ગણતરીના પરિણામે હિંદુ વસતી વિસ્ફોટનો ટ્રેન્ડ શરૂ થશે ?

ભારત ભવિષ્યમાં મુસ્લિમ રાષ્ટ્ર બની જશે એવી ચેતવણીઓ હિંદુ આગેવાનો દ્વારા વારંવાર અપાય છે. હિંદુ આગેવાનો ચીમકી આપે છે કે, ભારતની કુલ વસતીમાં હિંદુઓનું પ્રમાણ ઘટશે તો ભવિષ્યમાં ભારતમાં હિંદુઓનો પ્રભાવ ઘટી જશે અને હિંદુઓ પર મુસ્લિમો હાવી થઈ જશે. દુનિયામાં હિંદુઓની બહુમતી ધરાવતા ભારત અને નેપાળ એ બે જ દેશ છે પણ નેપાળ બહુ નાનો દેશ છે. દુનિયાની હિંદુઓની કુલ વસતીમાંથી ૯૦ ટકા કરતાં વધારે હિંદુ ભારતમાં રહે છે તેથી ભારતમાં હિંદુઓની વસતી સતત ઘટતી રહેશે તો ભવિષ્યમાં ભારત પણ મુસ્લિમ રાષ્ટ્ર બની જશે એવી ચેતવણીઓ પણ અપાય છે.

હિંદુ આગેવાનો તો હિંદુત્વને બચાવવા માટે હિંદુઓએ વધારે છોકરાં પેદા કરવા જોઈએ એવી અપીલ પણ કરશે. હિંદુ આગેવાનો કહે છે કે, આ દેશમાં હિંદુ એકલા કુટુંબ નિયોજન અપનાવે છે જ્યારે મુસ્લિમો તો ધડાધડ સંતાનો પેદા કર્યા કરે છે. આ જ સ્થિતી રહી તો હિંદુઓ લઘુમતીમાં આવી જશે તેથી હિંદુવાદીઓએ વધારે સંતાનો પેદા કરવા જોઈએ ને મુસ્લિમોની વસતી વધે છે એ રીતે હિંદુઓની વસતી પણ કૂદકે ને ભૂસકે વધવી જોઈએ.

બહુમતી હિંદુઓને આ વાતો અપીલ નથી કરતી કેમ કે સંતાનોનો બોજ હિંદુ પરિવારોએ ઉઠાવવાનો છે, હિંદુવાદી આગેવાનોએ નહીં. સતત વધી રહેલા ખર્ચા અને મોંઘવારીના કારણે હિંદુ પરિવારો હવે બે સંતાનો પેદા કરવા પણ તૈયાર નથી.

અલબત્ત વસતી વધારામાં મુસ્લિમોની વસતી અનેક ગણી વધી રહી હોવાનું સાબિત થાય તો હિંદુઓમાં પણ વધારે બાળકો પેદા કરવાનો ટ્રેન્ડ આવી જાય એ શક્ય છે. તેના કારણે હિંદુઓને કોઈ ફાયદો નથી પણ ધર્મના નામે પેદા કરતા ડરને લોકો ગંભીરતાથી લે છે. સત્તાવાર રીતે થયેલી વસતી ગણતરીના આધારે મુસ્લિમો આપણા પર ચડી બેસશે એ ડર સાચો પડતો લાગે તો હિંદુઓમાં પણ વધારે બાળકોનો ટ્રેન્ડ શરૂ થાય એ શક્ય છે. ■

sanjogpurti@gmail.com

# કવિતા સર્જન અને આસ્વાદ ક્ષેત્રે ઝીકમઝીકશક્તિ



ગુજરાતના કવિઓ જે પ્રકારની કવિતા ઝીંક્યે રાખે છે એવી રોજની ૨૦૦થી ૩૦૦ ગ્રામ કવિતા હું એકલો ઘડી કાઢું એટલી ઝીંકમઝીકશક્તિ મારામાં છે. પણ મારામાં માણસાઈ પણ છે....

ભલે ''અ-અમર'' હાલતમાં મરી જવું પડે માણસાઈ નહીં છોડું. અહિંસા પરમો ધર્મ. હું ત્રાસવાદમાં નથી માનતો.

આ વાત આસ્વાદકોના સંદર્ભે પણ ધ્યાને લેવી. એ વાત પછી કરું પહેલા કાવ્યસર્જનની વાત સમજી લઈએ.

હાલના કહેવાતા જાણીતા કવિઓ જે રીતે ભરડ્યે રાખે છે તે મુજબ જોઈએ તો જેમાં કોઈ તર્કમેળ જ ન હોય એવા શબ્દોને એકબીજા સાથે અડોઅડ ગોઠવી દો એટલે એનાથી જે વિચિત્ર અર્થના તીખારા ઝરે એને લોકો કવિતા માની લે છે. એમાં કંઈક વિચિત્ર અર્થ તો નીકળતો જ હોય. અને ન નીકળે તો વિવેચકો ''અર્થમેળાપ'' કરાવી આપવાનો ધંધો લઈને બેઠા જ હોય છે. અને કોઈને અર્થ ન જડે તો સમજવું કે ક્યાંકથી તમારે માથે એવોર્ડ ઝીંકાશે. ગુજરાત સાહિત્ય અકાદમી કે ગુજરાતી સાહિત્ય પરિષદના એવોર્ડનો મેળ ન પડે તો બીજી અનેક સંસ્થાઓ આ પ્રકારની કવિતાને એવોર્ડ આપવા માટે બેઠી જ હોય છે. કવિતા જો વાચકને કે આસ્વાદકને સમજાઈ ગઈ તો મર્યા સમજો. એકેય બાજુ અર્થનો નાડીનેફો મળવો જ ના જોઈએ. કવિતાનો અર્થ નહીં સમજાવાથી માનસિક રીતે ગોથાં ખાઈ રહેલા વાચક અને આસ્વાદકને સતત ટેન્શન રહેવું જોઈએ. એને જો તમારી કવિતાનો અર્થ સમજાઈ જશે તો તમને ભાજી-મૂળા સમજી બેસશે. એ લોકોને સતત એવું લાગવું જોઈએ કે કવિ કંઈક ઊંચું જ કહેવા માંગે છે જેનો અર્થ પોતાને સમજાતો નથી. અને પછી પોતાની રીતનો મહાન અર્થ તે શોધી કાઢશે, જેની તમને પણ નવાઈ લાગશે. અને તમને નવાઈ લાગી છે એ વાત તમારે આસ્વાદકને કે વાચકને ક્યારેય કહેવાની નથી. અત્યારે અખબારોમાં અને સામયિકોમાં આસ્વાદ ઉદ્યોગ જે રીતે ચાલી રહ્યો છે તે રીતે ચાલવા દેવાનો.

અને આવી કવિતાના કહેવાતા આસ્વાદકો થોરના થરદાર જેવા છે.... (થોરના થરદાર જ લખ્યું છે, ભાઈ... ચોરના સરદાર લખવાની ઈચ્છા હતી પણ નથી લખ્યું. અને થોરના સરદાર માટે કોઈએ ભગવદ્ગોમંડળ કે સાર્થ જોડણી કોષ ખોલ્યો છે તો આવી બન્યું સમજજો. )

આમાં એવું છે...

તમે સહજ રીતે એમ કહો કે - ''હું ગાંઠિયા ખાતો ખાતો જતો હતો ત્યારે એક કૂતરું ખાડો ગાળતું હતું...'' તો આમાંથી કાંઇ લઇ લેવાનું નીકળતું નથી.

પણ ગુજરાતી કવિ આજ વાક્યના પદક્રમને અખ્ખડબખ્ખડ સ્ટાઈલમાં ગોઠવીને એક અમર રચના બનાવી શકે...

ઉદાહરણ તરીકે...

જતો હતો હું -
ખાતો ખાતો ગાંઠિયા...
ને
એક કૂતરું
ગાળતું હતું ખાડો...
બસ કવિતા થઈ ગઈ...

તમારે એકાદ આસ્વાદક-વિવેચક સાથે સારાસારી હશે તો તે ગાંઠિયા, કૂતરું, ખાડો, તમારી જવાની અને કૂતરાની ખાડો ગાળવાની ક્રિયા-પ્રક્રિયાના એવા એવા સિમ્બોલીક અર્થ(-અનર્થ) શોધી કાઢશે કે વાચકને તો ઠીક, તમારી જાતને તમે સાવ હડબંબોત સમજતા હશો તો ય તમને ખુદને ય એવું ફીલ થશે કે - આ તો સાલી અમર રચના છે...! અને વાચકોને કે'તું રહેવાનું કે આ તો બધું ઈશ્વરદત્ત છે. આમાં હજી ગાંઠિયા કવિ જતા જતા ખાય છે -એનો પણ કંઈક અર્થ શોધી કાઢો. વળી કવિ ક્યાં જતા હતા એની સ્પષ્ટતા નથી. એટલે આસ્વાદ કરાવનારે એવું કંઈક ઠઠાડી દેવાનું કે કોઇ ને કોઇ આત્મા ક્યાંક ને ક્યાંક જતો હોય છે, ગતિશીલ હોય છે, એ વાત કેવી ગઝબનાક ખૂબીથી મહાન કવિ નારન બારૈયાએ નિરુપી છે! !!! - એવું

ધીસ ઇઝ ધેટ
નારન બારૈયા

તમારે કહેવાનું. ઉપરથી કૂતરાની ખાડો ગાળવાની ક્રિયા વિશે બે-પાંચ જોરદાર ફિલોસોફીક સ્ટેટમેન્ટ ઠપકારો. જરુર પડ્યે કૂતરા વિશે કોઈ જાણીતી રચના યાદ કરીને મારી વાત કેટલી અર્થસભર છે એ વાત વાચકના દિમાગ પર બને એટલા જોરથી ઝીંકવાની. આમાં ખાડો શેનું પ્રતીક છે એ સમજાવવામાં વાચકનાં મગજનાં લાસરાં (અથવા લાછોતરાં) નીકળી જવાં જોઈએ. તમારી વિવેચનાને ખિલવા જ દેજો... મારી કવિતાઓને અડફેટે લેજો. મજા આવશે. જો આમ નહીં કરો તો હું તમારી કવિતાને અડફેટે લઈશ. અહીં તો કવિ જન્મ્યા પછી બન્યા, આસ્વાદક તો જન્મજાત છીએ! ■

naranbaraiya277@gmail.com

# સરદારના સંભારણા એ જ સાચી શ્રદ્ધાંજલિ...




સરદાર વલ્લભભાઈ પટેલની ૭૫ મી અમૃત પુણ્યતિથિએ કોટી કોટી ચરણ વંદના કરું છું. આ વિરલ વ્યક્તિ સામે જ શીશ નમે છે. ૪૨ વર્ષના રાજકારણમાં રાષ્ટ્રસેવાને પ્રાધાન્ય આપનાર અખંડ ભારતના સર્જક અને નાયબ વડાપ્રધાન તરીકે અતુલ્ય સેવા કરીને જે વ્યક્તિ માત્ર શરીર જ છોડીને સ્વર્ગે સીધાવ્યા હોય તેવું રત્ન એટલે ભારતના ભાગ્યવિધાતા પૂજ્ય વલ્લભભાઈ પટેલ જ હોઈ શકે. કરમસદના કર્મયોગી, ભારતની ભવ્યતા અને દિવ્યતાને વિશાળ એકરૂપતામાં નિર્માણ કરનાર અખંડ ભારતના સર્જકના કાર્યો અને કર્મો થકી આ દેશ ગૌરવ લઈ રહ્યો છે.

સરદાર પટેલના રચનાત્મક અને સમાજ સેવાના કાર્યો ''ન ભૂતો ન ભવિષ્યતિ છે''. ત્યાગ વલ્લભ મૂર્તિ બનવું એ સરદાર પટેલ જ કરી શકે છે. તેમના નામ બદલી દેવાથી ઈતિહાસ બદલવાનો નથી. સરદાર પટેલ પેઢીઓ દર પેઢીઓ દેશના માનસમાં જીવંત છે. તેમના કાર્યોનો ઈતિહાસ સુવર્ણ અક્ષરે જન માનસમાં જીવંત છે.

સરદાર પટેલનું જીવન ચરિત્ર લખનાર બલરાજ ક્રિષ્ના લખે છે કે ''નોર્મલ લોકતાંત્રિક પ્રક્રિયામાં તો સરદાર પટેલ ભારતના પ્રથમ વડાપ્રધાન બન્યા હોત, પરંતુ ગાંધીજી બિનજરૂરી રીતે વચ્ચે પડ્યા તેથી એમ ન બન્યું. ૧૯૪૬ ના નવેમ્બરમાં મળેલી વર્કિંગ કમિટીમાં તેમણે કોંગ્રેસના પ્રમુખ પદ માટે કેવળ નેહરુનું નામ સૂચવ્યુ. ૧૫ પ્રદેશ કોંગ્રેસ સમિતિમાંથી ૧૨ સમિતિએ સરદાર પટેલનું નામ સૂચવ્યું હતું અને નેહરુની તરફેણ કોઈ સમિતિએ કરી ન હતી. પાછળથી કોંગ્રેસના તત્કાલીન મહામંત્રી આચાર્ય કૃપલાણીએ દુઃખ પ્રગટ કર્યું અને લખ્યું એ નક્કી કે જો જવાહરલાલનું નામ ગાંધીજી દ્વારા સૂચવાયું ન હોત તો સરદાર પટેલ જ પ્રમુખ તરીકે ચૂંટાયા હોત અને તેને કારણે ભારતને પ્રથમ વડાપ્રધાન મળ્યા હોત. પાછળથી મારા મનમાં પ્રશ્ન થતો રહ્યો કે ગાંધીજીની ઈચ્છા મુજબ જવાહરલાલનું નામ ચિઠ્ઠી દ્વારા સૂચવવામાં હું નિમિત્ત બન્યો તે યોગ્ય હતું ખરું? પણ ભાવિની આગાહી કોણ કરી શકે!



સામાજિક અને શૈક્ષણિક
ડો. વિપુલ.ડી. પટેલ
(આચાર્ય શ્રી ગાંધી વિદ્યાલય, અસારવા, અમદાવાદ)

આવા બૌદ્ધિક ગાંધી દ્વારા થયેલા અન્યાયો સામે શંકરની જેમ ઝેર પીને દેશસેવાને પ્રાધાન્ય આપનાર સરદાર પટેલનું પ્રથમ નામ આવી શકે. સરદાર પટેલને સૂક્ષ્મ અને દેશની આંતરિક અને બાહ્ય ભૌગોલિક અને વાસ્તવિક પરિસ્થિતિનો જબરજસ્ત અનુભવ હતો. દીર્ઘદ્રષ્ટા અને મુત્સદ્દગીરી તેમના માનસ અને હૃદયમાં જોવા મળે છે. પ્રમાણિકતાનો પર્યાય તેમજ દેશસેવાની ભાવના થકી સંપૂર્ણ જીવન દેશ માટે ન્યોછાવર કરનાર ભારત રત્ન સરદાર પટેલ આજની ભાવિ પેઢી માટે પ્રેરણા સ્વરૂપે છે. સરદાર પટેલની ગમે તેટલી યાત્રાઓ કાઢશો પરંતુ તેમના આદર્શો અને રાષ્ટ્રસેવાના પ્રકલ્પો સાકાર નહીં કરીએ ત્યાં સુધી બધું નિરર્થક છે. સરદાર પટેલ તો સ્વયમ પ્રેરણાપુરુષ અને દેશભક્ત રહ્યા. તેમણે હોદ્દા કરતાં રાષ્ટ્રસેવાને પ્રાધાન્ય આપ્યું. ૫૬૨ દેશી રજવાડાઓને એકત્ર કર્યા. આજે બે ભાઈઓ જમીનના ટુકડા માટે ખૂન કરી નાખે છે. આટલા બધા રાજા રજવાડાઓને સમજાવવા અને જોડાણ ખતપત્ર ઉપર તેમની સંમતિ મેળવવાનું આવું ભગીરથ કાર્ય પ્રમાણિક યુગપુરુષ જ કરી શકે અને તે કાર્ય સરદારે કરી બતાવ્યું.

ઈન્ડિયન સિવિલ સર્વિસના જનક સરદાર પટેલ છે. નેહરુના વિરોધ વચ્ચે તેમણે પાર્લામેન્ટમાં ઈન્ડિયન સિવિલ સર્વિસનું બિલ પાસ કરાવ્યું હતું. દીર્ઘદ્રષ્ટા અને દેશની વહીવટી સુદઢત્તા માટે કેટલું લાંબુ વિચાર્યું હશે? જૂનાગઢ, કાશ્મીર અને હૈદરાબાદનો પ્રશ્ન તાબડતોબ લાવી શકે તેવી સક્ષમતા હતી. પરંતુ નેહરુને લઘુમતી પરત્વે પ્રેમ હોવાથી કાશ્મીરનો પ્રશ્ન યુનોમાં લઈ ગયા. સરદાર પટેલ આ બાબતે સ્પષ્ટ હતા કે આવા પ્રશ્નો આપણે જ ઉકેલવાના હોય. આપણા પૈસે આપણે ગોળીઓ ના ખવાય. આ બાબત એ નિર્દેશ કરે છે કે જેના લોહીમાં રાષ્ટ્રભક્તિની મૂલ્યતા વહેતી હોય તે જ આ કાર્ય કરી શકે. સરદાર પટેલ સ્પષ્ટવક્તા અને દેશહિતમાં જ નિર્ણય લેનાર વીરપુરુષ હતા.

મૂડીવાદી અર્થનીતિના વિદ્વાન સમર્થક એવા ગુરુચરણદાસના શબ્દોમાં કહીએ તો સરદાર પટેલ લાંબુ જીવ્યા હોત તો ભારત લાઈસન્સ રાજના અતિરેકથી અને કાશ્મીરની સમસ્યાથી પણ બચી ગયું હોત. ગાંધીજી અહિંસાના પૂજારી રહ્યા એનો પણ કોઈ વાંધો નથી પરંતુ જ્યારે દેશ ઉપર આફત આવે ત્યારે 'પાર્થને કહો ચડાવે બાણ યુદ્ધ એ જ કલ્યાણ' આ નીતિ અખત્યાર કરવી જ પડે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના પ્રમુખ તરીકે સુધરાઈ ક્ષેત્રે રચનાત્મક અભિગમ અપનાવીને અંગ્રેજોના શાસનને નાબૂદ કરવા અને સાચી લોકશાહી મજબૂત બનાવવાનો અદ્ભુત પ્રયાસ કર્યો. લોકોની પ્રાથમિક જરૂરિયાત પાણી, રોડ, રસ્તા, ગટર, શિક્ષણ, હોસ્પિટલ, નવી હાઉસિંગ સોસાયટી, ખાદી, જાહેર શૌચાલય, નાવણીયા તેમજ ગૂજરાત વિદ્યાપીઠ વગેરે અસંખ્ય કાર્યો સરદાર પટેલની દેન છે.

સરદાર પટેલ ક્યારેય મૃત્યુ પામ્યા જ નથી, માત્ર શરીર છોડીને ગયા છે. એમના પ્રાણ સરદાર ભક્તોના હૃદયમાં નિરંતર જીવંત છે. સરદાર પટેલ વિશે ઘણું બધું લખાયું છે પરંતુ તેનું અમલીકરણ ભારતની પેઢીમાં કરવુ હશે તો આખો એક વિષય પ્રાથમિકથી માંડીને હાયર એજ્યુકેશન સુધી દાખલ કરવો પડશે. સરદાર પટેલને શ્રદ્ધાંજલિમાં શું આપી શકીએ? તેમના દ્વારા થયેલા દેશહિતના કાર્યો આગળ ધપાવીએ તે જ સૌથી મોટી વીરાંજલિ હશે.

સરદાર પટેલ કહે છે કે મારા ઉપર આક્ષેપ છે કે હું રાજાઓ, જમીનદારો, મૂડીવાદીઓનો મિત્ર છું. મારો દાવો છે કે મજૂરો અને ગરીબો જોડે પણ મારે મૈત્રી છે. ગાંધીજીના પગલે ચાલવાનું ઠરાવ્યું ત્યારે મેં નક્કી કર્યું કે મારે મિલકત રાખવી નહીં અને મારી પાસે કશી મિલકત નથી. આ રાજાઓ અને મૂડીવાદીઓને ગાળો ભાંડીને આગેવાની મેળવવાના ફાંફા મારવાની અથવા આગેવાન કહેવડાવવાની આજની ફેશનને તાબે થવા હું તૈયાર નથી. ભાવનગરના મહારાજા કહેતા કે સરદારને મળું ત્યારે મારા બાપને મળતો હોય તેઓ અનુભવ થાય છે. આવા સરદાર પટેલની ૭૫ મી પુણ્યતિથિએ આંખના આંસુ સાથે ભાવાંજલિ અને શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું. હું સરદાર પટેલ ઉપર પીએચડી થયો તેનો સૌથી વધારે આનંદ છે.. જય સરદાર.. જય સરદાર.. જય સરદાર.. જય સરદાર..

■ Mo.9825702282

# એલોવેરા વિષેની માહિતી



બજારમાં એલોવેરાની જેલ ટ્યૂબ જુદી-જુદી કંપનીની મળતી હોય છે. જેમાં ફ્લેવર પણ આવે છે, જેમકે કેસર- ચંદન, લીમડો જેવી જુદી-જુદી ફ્લેવર જેને પસંદ હોય તેવી બજારમાંથી ખરીદતા હોય છે, મોટાભાગના લોકો ઘરે ક્યારામાં કે કૂંડામાં એલોવેરા ઉગાડતા હોય છે. એલોવેરાની જેલ ચામડી પર લગાવવાથી ચામડી ચમકદાર લાગે છે. ખીલના ડાઘા દૂર થાય છે. તો ચાલો આપણે એલોવેરાના છોડ વિષે વિગતવાર જાણીએ.

આપણા દેશમાં કુંવારની ૩ પ્રસિધ્ધ જાતોમાંથી બે જાત ભારતમાં વધુ થાય છે. (૧) **ALOE-VERA** તે ગુજરાત, મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશમાં થોડા વધુ પ્રમાણમાં સર્વત્ર થાય છે. મદ્રાસ- રામેશ્વર તરફ સમુદ્ર કિનારે તેના નાના છોડ **ALOE-INDICA** થાય છે. (૨) જાફરાબાદી કુંવાર(**ALOE LITOTATIS**) તે સૌરાષ્ટ્રમાં જામનગર જિલ્લામાં તથા ખંભાતની ખાડીઓમાં વધુ થાય છે. કેટલાક સ્થળે કુંવારના વન થાય છે.

આ લસણના કુળની આ બહુવર્ષાયુ વનસ્પતિના માંસલ (દળદાર) છોડ ૧ થી ૨ ફુટ ઉંચા થાય છે. તે પ્રાયઃ જમીનમાં આપોઆપ થાય છે તથા તેના પાન હથેળી જેવા જાડાં, રસભર્યા, ખૂબ ચળકતા, લીસાં અને મૂળમાંથી જ એક સાથે નીકળેલ હોય છે. પાન નીચે પહોળું અને ઉપર જતા ભાલાની જેમ સાંકડું અણીદાર હોય છે. પાનની બન્ને કિનારી પર બારીક કાંટા થોડા થોડા અંતરે હોય છે. પાન ૧૦ ઈંચથી ૨ ફુટ લાંબા અને ૨ થી ૪ ઈંચ પહોળાં (નીચે) થાય છે. પાનમાં સફેદ-પીળો, કડવો, ચીકણો ગર્ભ હોય છે. નારંગી રંગના પુષ્પ કે ૧ થી ૧.૫ ઈંચ લાંબી ફળી આવે છે. ફુલ ખાવામાં મીઠા અને ઉગ્ર ગંધના હોય છે. કુંવારના છોડ પાણી વિના પણ મરતા નથી.




વૈવિધ્ય

ડો. હેમાંગી ડી. મહેતા,

એસોસિયેટ પ્રોફેસર, વિષય નિષ્ણાંત

ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સીટી, ગાંધીનગર


એલોવેરા રેતાળ માટી અને ગરમ તાપમાનવાળા ક્ષેત્રમાં ખૂબ ઝડપથી ઉગે છે. જેમાં વધારે પાણીની જરૂર પડતી નથી. તેથી ખેતી માટે એવી જગ્યા પસંદ કરવી જ્યાં પાણી અને ભેજ ના હોય, જમીન થોડી ઊંચાઈ પર હોવી જોઈએ. જેના કારણે વરસાદનું પાણી ભરાવાનો પણ ડર ન રહે.

- ચોમાસા પહેલા ખેતરને ખેડવું સારું રહે છે. એકવાર ખેડ્યા બાદ ૧૨-૧૫ ટન ખાતર મિક્ષ કરીને ફરીથી ખેડવું જોઈએ.

- છાણના ખાતરની સાથે યુરિયા, ફોસ્ફરસ, પોટાશને પણ સરખી માત્રામાં નાખવું જોઈએ. ત્યારબાદ ખેતરમાં ૫૦x૫૦ સે.મી.ના અંતર પર ક્યારા બનાવી લેવા.

- છોડને કોઈપણ સમયે વાવી શકો છો, જોકે વધારે સારો સમય જૂન-જુલાઈનો હોય છે.

આજના સમયમાં એલોવેરાને મેડિસીન અને કોસ્મેટિક બંને રીતે ઉપયોગમાં લેવામાં આવે છે. લોકો હવે પોતાની તંદુરસ્તી માટે નેચરલ પ્રોડક્ટ તરફ વળી રહ્યા છે. આજે એલોવેરા જેલનું એક મોટું માર્કેટ ઉભુ થઈ રહ્યું છે. નીચેની જાણીતી કંપનીઓ સાથે ખેડૂતો પાક ઉગાડતા પહેલાં જ કોન્ટ્રાક્ટ કરી શકે છે.

(૧) પતંજલિ આયુર્વેદ લિમિટેડ,(૨) વિટ્રોમેડ હેલ્થ કેર, (૩) રટ્ટન ઓર્ગેનિક ફૂડ પ્રાઈવેટ લિમિટેડ,

(૪) શ્રી બૈદ્યનાથ આયુર્વેદ ભવન પ્રાઈવેટ લિમિટેડ, (૫) બ્રાઈટ લાઈફકેર પ્રાઈવેટ લિમિટેડ, (૬) એક્સિમો આયુર્વેદ, (૭) બોટનિકા ઈન્ડિયા, (૮) કપીવા આયુર્વેદ, (૯) નરીશ વિટલાસ, (૧૦) કામા આયુર્વેદિક.

આંતરાષ્ટ્રીય ક્ષેત્રે ડિમાન્ડઃ યુરોપીયન દેશોમાં એલોવેરા જ્યુસનું મહત્વ વધી રહ્યું છે. વળી એલોવેરાનો ઉપયોગ કોસ્મેટિક આઈટમોમાં થતો હોવાને કારણે પણ તેની માંગ વધી રહી છે. વળી ત્યાંના સુપર માર્કેટની પ્રખ્યાત ચેઈન પણ સીધું ખેડૂતો સાથે જોડાણ કરીને એલોવેરા ખરીદે છે.

આંતરાષ્ટ્રીય કંપનીઓઃ (૧) ઓકેએફ કોર્પોરેશન (૨) એએલઓ ડ્રિંક્સ (૩) કેયુમકંગ બી એન્ડ એફ કો. લિમિટેડ (૪) લોટે ચિલસંગ બેવરેજ કો, લિમિટેડ (૫) તુલીપ ઈન્ટરનેશનલ ઈન (૬) મેડિકેપ્સ લિમિટેડ (૭) એલો ફાર્મસ (૮) ફોરેવર લીવિંગ પ્રોડક્ટસ (૯) હૂસી ગ્લોબલ, આ અને આના જેવી અન્ય કંપનીઓ ખેડૂતો સાથે કરાર કરતી હોય છે.

આમ, એલોવેરામાંથી આવક પણ મેળવી શકાય છે.


hemangidmehta@gmail.com


# એક હારો, રૂડો રૂપાળો અને કિંમતી પુરસ્કાર જોઈએ છે




'જોઈએ છે, જોઈએ છે, જોઈએ છે એક હારો, રૂડો રૂપાળો અને કિંમતી પુરસ્કાર જોઈએ છે.'

બકાએ શેરીમાં મોટેથી બૂમ પાડી.

શેરીવાળાને થયું ભંગારવાળો ખાલી તેલનાં ડબ્બા માંગે, લોખંડનો ભંગાર માંગે, પુઠા અને પસ્તી માંગે પણ, આ શું માંગી રહ્યો છે? બધા કૂતુહલથી બકાને જોઈ રહ્યા.

બોસે પણ બકાનો અવાજ સાંભળ્યો. એને થયું,

છે તો બકો જ. પણ એ શું માંગી રહ્યો છે? કિંમતી પુરસ્કાર કાંઈ એમને એમ થોડો મળે !?

'બકા, આ શું નવું ચાલું કર્યું?'

'લો કર લો બાત! તમે હાંભળ્યું નહીં? મારે પુરસ્કાર જોઈએ છે. અને એ ય પાછો કિંમતી.'

'બકા, બકા... કિંમતી પુરસ્કાર એમને એમ નો મળે !!'

'બે- ચાર આંટાફેરા વધારે મારીશ. આઠ-દસવાર મોટેથી બોલીશ. અને ઓળખાણની જરૂર પડશે તો લાગવગ કરીશ પણ પુરસ્કાર તો ગોતવો જ છે. આજે પુરસ્કાર લીધે પાર છે.'

'બકા..આ, પસ્તીમાં પસ્તી જેવો પુરસ્કાર (અને એ પણ ભૂલથી આવે) તો મળે. બાકી.., પુરસ્કાર માટે તો રાત-દિવસ મહેનત કરવી પડે. તમારી આવડત બધાને દેખાડવવી પડે. સમજો, નેવાના પાણી મોભે ચડાવવા પડે ત્યારે કિંમતી પુરસ્કાર મળે.'

'પણ બોસ, મારે એવો પુરસ્કાર નથી જોતો. મારે તો શાંતિનો 'નોબેલ પુરસ્કાર' જેવો પુરસ્કાર જ જોઈએ છે.'

શેરી વાળાને ઝાઝી ગતાગમ ના પડી. પણ બોસ અને અમથાલાલ સમજી ગયા કે, બકો ક્યાંકથી સાંભળીને આવ્યો છે. કાં ટી.વી.માં જોઈને આવ્યો છે. બાકી ક્યાં બકો અને ક્યાં શાંતિનો 'નોબેલ પુરસ્કાર.'




લાગે તો તીર..

કાળુભાઇ ભાડ


અમથાલાલે બકાને વાર્યો.

'બકા, તું હમજે છે, અને માને છે, એવો શાંતિનો નોબેલ પુરસ્કાર આમ લારી લઈને ગોતવા નીકળે તો થોડો મળે ? ઈ તો...×

'તમે એમ કહો કે, છાપાંવાળા ખોટા? શું ટી.વી. વાળા ખોટા? '

'અરે પણ, તે છાપાંમાં વાંચ્યું શું? ટી.વી.માં જોયું શું?

ફોડ પાડીને વાત કર તો ખબર પડે.'

'છાપાંમાં લખ્યું હતું કે, આજકાલ પુરસ્કારો વેચાતાં મળે છે. આ ખોટું? શું છાપાંમાં ભૂલથી છપાણું??'

'બકા, તારે વાંચવામાં ભૂલ થઈ હશે. '

'તો શું ટી.વી.વાળા 'ય ખોટા? હમાચાર ખોટા થોડા હોય.'

'મારુ કેવાનું એમ છે કે, આજકાલ સોશ્યલ મીડિયામાં આવું હાસુ -ખોટું ઘણું હાલતું હોય છે, ફરતુ હોય છે. કદાચ! તે ઈ વાંચ્યું હોય.'

અમથાલાલ તમે મને હાવ અભણ હમજો છો ? હું નિહાળના પગથિયાં તો ચડયો તો હોં.'

'તો..ઓ.. મને કહે, તે શું વાંચ્યું? તે શું સાંભળ્યું??×

'છાપાંમાં લખ્યું હતું કે, આજકાલ હંધાય પુરસ્કારો વેચાતા મળે છે. શિક્ષણમાં પુરસ્કાર જોઈએ તો મોટા સાહેબને મળો. પોલીસખાતામાં પુરસ્કાર જોઈએ તો ઉપરી અધિકારીને રાજી કરો. અને ફિલમ લાઈનમાં એવોર્ડ જોઈએ તો, છી..છી..છી મારે એવું નથી બોલવું. આ હંધૂય તો ઠીક છે મારા ભાઈ હમજયા! પણ, ચોથી જાગીર જેને કહેવાય એવા પત્રકાર જગતમાં 'ય કાંઈ હારાવાટ નથી. મને એક જગ્યાએ ભરોસો હતો.'

'એ વળી કઈ જગ્યા?'

'મને લેખકો ઉપર ભરોસો હતો. જેમણે ઈતિહાસ લખ્યો છે, એમની ઉપર મોટો ભરોસો હતો. પણ, ન્યાં'ય ભરોસાની ભેંહે પાડો જણ્યો.'

'એટલે તું લેખકોને કહેવા શું માગે છે? લેખકો વેચાઈ ગયા છે?'

'ના ના ના અમથાલાલ ના. આવું હું નથી કહેતો. છાપાંવાળા અને ટી.વી.વાળા કહે છે. લાયક લેખકો વરસો સુધી લખાણપટ્ટી કર્યા જ કરે છે. કર્યા જ કરે છે. એની હામું કોઈ જોતું જ નથી. અને આજકાલના નવું નવું લખતાં લેખકો ચમચાગીરી કરે છે, અને જાત જાતનાં અને ભાત ભાતનાં પુરસ્કારો મેળવી લે છે. સર્ટીફીકેટ વેચાતા લઈ લે છે.'

'એટલે તારું કહેવાનું એમ છે કે, હંધાય આવું કરે છે?'

'ના અમથાલાલ ના. ક્યાંક ક્યાંક આવું હાલે છે. પણ, આ તો ઉધઈ જેવું કહેવાયને. કયારે આખી સિસ્ટમ ખાય જાહે એની ખબર પણ નહીં પડે.'

'હા પણ, તને આ પુરસ્કારવાળી વાત મગજમાં આવી કેવી રીતે? તારી તો આ લાઈન નથી. પછી આવી અંદરની વાત તને કહી કોણે ??'

'અમથાલાલ, તમે હમજો છો ને, એવો હું હાવ નથી. હું જેટલો બહાર દેખાવ છું ને એટલો જ ભોંમાં પણ છું.'

'હું કાંઈ સમજયો નહીં. તારુ કહેવાનું શું છે ?'

'હું ભલે નાનકડાં ગામડામાં એક ખૂણે બેઠો. પણ, ખબર હંધાયની રાખું છું.'

'જેમ કે...'

'જેમ કે, આ પુરસ્કાર વાળી વાત. હું મોદી સાહેબને હાંભળુ છું, એમ વિપક્ષના રાહુલ ગાંધીનેય હાંભળુ જ છું.'

'હા પણ, આમાં ક્યાં મોદી સાહેબ કે રાહુલ ગાંધી આવ્યા?'

'એટલે તો આ વાતની શરૂઆત થઈ છે.'

'વળી નવા કોકડાનો ગુંચવાડો કર્યો!??'

'ના..આ.. મને પુરસ્કાર વાળી વાત રાહુલ ગાંધી પાંહેથી જ મળી છે.'

'કેમ, કેમ ? ઈ વળી કેવી રીતે?'

'કોંગ્રેસનાં પ્રવકતા સુરેન્દ્ર રાજપૂતે કહ્યું કે, મારી મચકોડીને પણ, રાહુલ ગાંધીને 'નોબેલ શાંતિ પુરસ્કાર' આપો.'

'બકા બકા, તારે વાંચવામાં મિસ્ટેક થઈ છે. મારી મચકોડીને નહીં. 'મારિયા મચાડો' નામ છે.

આ 'નોબેલ શાંતિ પુરસ્કાર' વેનેઝુએલાની મારિયા કોરીના મચાડોને મળ્યો છે. એની વાત છે?'

'હા હા, ઈ જ. કોંગ્રેસને લાગ્યું કે, ઈ વિપક્ષમાં રહીને કામ કરે છે. રાહુલ પણ વિપક્ષમાં છે. મચાડો ગુમ થઈ ગઈ હતી. રાહુલ પણ વારે પરબે ગુમ થયા કરે છે. તો પછી રાહુલને આવો પુરસ્કાર આપો. મચાડોને મળે તો રાહુલ ગાંધીને કેમ નહીં??'


kalubhaibhad123@gmail.com


# શું તમે પણ છો.... પઝેસિવ ?



કહેવાય છે કે પ્યારમાં બધું જ વ્યવહારિક હોય છે, પરંતુ કયાંક આપ એનો એ અર્થ તો નથી કાઢતાને કે આપનો ખાસ દોસ્ત આપની અંગત સંપત્તિ છે અને આપનો એના અંગત જીવન પર પૂરો હક છે. આ સવાલનો જવાબ આપવો કદાચ આપના માટે મુશ્કેલ હશે. પણ, એને આપ જાણી શકશો.... આ પરખના સાચા જવાબો આપીને...

પ્યારના કિસ્સામાં કેટલાક લોકો પોતાના ખાસ દોસ્ત માટે અતિશય પઝેસિવ થઈ જાય છે. એવે વખતે તેઓ તેના પર પૂર્ણતઃ વિશ્વાસ નથી કરતા કે સ્વયંને કોઈ હદ સુધી અસુરક્ષિત સમજે છે. ક્યાંય તમે તો એવા નથી ને...! જાણો અત્રે આપેલા સવાલોના સાવ સાચા જવાબ આપીને...!




જીવન તરંગ

જયસ્વી પટેલ


(૧) આપનો ખાસ દોસ્ત છેલ્લી ઘડીએ ફોન કરીને પોતાની તબિયત ખરાબ થવા વિશે જણાવે છે અને એ કહે છે કે, તે ઘરેથી બહાર જવા નથી ઈચ્છતો... એવે વખતે આપની તત્કાલ પ્રતિક્રિયા હોય છે - (એ) તમે તેના ઘેર જઈને જુઓ છો કે તે સાચું બોલી રહ્યો છે કે નહીં અને પછી દર કલાકે ફોન કરીને તેની ખબર જાણવાની ચેષ્ટા કરો છો. (બી) તે જલ્દી સારો થઈ જાય, એ પ્રાર્થના કરો છો અને કાલે મળવાનો વાયદો કરીને તેની ખબર પૂછો છો. (સી) થોડી - ઘણી સહાનુભૂતિ દર્શાવીને તમે તમારા કામોમાં વ્યસ્ત બની જાવ છો.

(૨) તે જ્યારે પોતાના ફ્રેન્ડ્સ સાથે હોય છે, તો (એ) આપને ચિંતા થાય છે કે, તે કદાચ તમને દગો કરી રહ્યો છે. (બી) આપ પણ આપની ફ્રેન્ડ્સ સાથે ચાલ્યા જાવ છો. (સી) ચુપચાપ રીતે તેની ગતિવિધિઓ પર ધ્યાન રાખો છો.

(૩) પાર્ટીમાં આપ અને એ - (એ) સાથે જ રહો, એ વાતનો તમે પૂરો ખ્યાલ રાખો છો. (બી) મોટાભાગનો સમય તમે સાથે રહો છો પણ, પોત-પોતાના ફ્રેન્ડ્સ સાથે પણ મઝા માણો છો. (સી) પોત-પોતાની રીતે વ્યસ્ત રહો છો, પણ પરત આવવા માટે પાર્ટીમાંથી એક સાથે જ નીકળો છો.

(૪) એ આપની સાથે કયારેય જૂઠું નથી બોલતો - (એ) આ વાત સાચી છે. (બી) આ સાચું નથી. (સી) હું કશું ન કહી શકું.

(૫) આપે બે-ત્રણ વાર આપના ખાસ દોસ્ત વિશે બધું જ જાણવાને કોશિષ કરી છે - (એ) આ સાચું છે. (બી) કયારેય નહીં. (સી) કયારેક, શક હોય ત્યારે.

(૬) આપને એવું લાગે છે કે, એણે આપને કેટલીયવાર દગો આપ્યો છે, પણ તમે એ વાત સાબિત નથી કરી શક્યા - (એ) આ સાચું છે. (બી) ના, એવું નથી. (સી) ખબર નહીં.

(૭) સાચા પ્યારમાં પ્રેમી બધુ જ સાથો-સાથ કરે છે (એ) હા. (બી) ના. (સી) ખબર નહીં.

(૮) તમે બંને જ્યારે સાથે ફરવા જાઓ છો, એ વખતે મોટાભાગના નિર્ણય તમે જ લો છો, કે શું - શું કરવાનું છે - (એ) હા. (બી) બંને જણ હળી - મળીને નિર્ણય લો છો. (સી) ના.

(૯) આપ બંનેની વચ્ચે જો કોઈ વાત બાબતે અસહમતિ હોય તો, આપની જ વાત મનાય છે. - (એ) હા. (બી) ના. (સી) કયારેક- કયારેક જ

(૧૦) એને ફરિયાદ રહે છે કે, આપ તેની પર ભરોસો નથી કરતા. (એ) હા. (બી) ના. (સી) ખબર નહીં.

(૧૧) આપ એની સાથે, એ વાતને લઈને ઘણીવાર ઝઘડો કરો છો કે, તે હંમેશા આપની સાથે નથી રહેતો, મોટાભાગે પોતાના ફ્રેન્ડ્સ સાથે રહે છે - (એ) હા. (બી) ના. (સી) ખબર નહીં.

(૧૨) આપની સાથે દોસ્તી થયા પછીથી, શું આપના ખાસ દોસ્તે આપના કહેવાથી પોતાનામાં કંઈક બદલાવ કર્યો છે? જેમ કે પોતાની કોઈ કુટેવ - આદત છોડી હોય કે ફ્રેન્ડ્સ બદલ્યા હોય કે પછી પોતાના વસ્ત્રોની સ્ટાઈલ બદલી હોય - (એ) હા. (બી) ના. (સી) બરાબર ખબર નથી.

(૧૩) એ આપના ફ્રેન્ડ્સ સાથે જાય છે, પણ તમે તેના ફ્રેન્ડ્સની સાથે બહુ જ ઓછા કયાંય જાવ છો. (એ) હા. (બી) ના. (સી) જાઉં છું! કોઈ ખાસ પ્રસંગ હોય તો જ.

(૧૪) આપ એને આપના પ્રત્યે તેની ભાવનાઓને વ્યક્ત કરવા માટે વારંવાર જોર આપો છો. - (એ) હા. (બી) ના. (સી) ખબર નહીં.

(૧૫) આપ તેને કોઈ અન્ય યુવતી સાથે વાતચીત કરતો નથી જોઈ શકતા. - (એ) આ સાચું છે. (બી) આ સાચું નથી. (સી) ખબર નહીં.

સ્કોર અને રિઝલ્ટ

જો આપના મોટાભાગના જવાબ હોય - એ : નિઃસંદેહ આપ બહુ જ પઝેસિવ છો. આપનો શકી સ્વભાવ સંબંધ માટે ખતરનાક સાબિત થઈ શકે છે. જો તમે તમારા ખાસ ફ્રેન્ડને દિલથી ચાહતા હો.


sanjogpurti@gmail.com


# રીંગણ રિસાયું



એક વખત શાકભાજી માર્કેટમાં બટાકાની બાજુમાં બેઠેલું રીંકુ નામનું એક ભરાવદાર રીંગણ અચાનક રિસાઈ ગયું.

રીંગણ રીંકુ દેખાવમાં જાંબલી, મુલાયમ અને ગોળમટોળ હતું. તેને બધા 'શાકભાજીનો રાજા' કહીને બોલાવતા, પણ આજે તેનું મોં ફુગ્ગાની જેમ ફૂલેલું હતું.

એની બાજુમાં, પીળું દાંત કાઢતું મકાઈનું ડોડું ખડખડાટ હસી પડ્યું. 'અરે રીંકુભાઈ, આજે સવાર સવારમાં તમે આ શું નાટક માંડ્યું છે? કેમ આમ ફૂલાઈને ફુગ્ગો બનીને બેઠા છો?'

રીંકુએ મોં બગાડ્યું. 'નાટક? આ નાટક નથી! ખરેખર બધાંથી ખુબ નારાજ છું!'

'નારાજ? કોનાથી નારાજ?' ડુંગળી, કે જે સામાન્ય રીતે રડતી રહેતી તેણે આશ્ચર્યથી પૂછ્યું.

રીંકુએ લગભગ રડમસ અવાજે ફરિયાદ કરી, 'જુઓ! ગઈકાલે મારા પડોશી ટામેટાં, મરચાં અને બટાકાની વાનગીઓ બની. તેઓ 'આલુ-ટમેટાનું શાક', 'મરચાંના ભજીયા' બનીને બધાના પેટમાં ગયા અને ધમાલ મચાવી! પણ મારું શું? કાલે તો કોઈએ મને પૂછ્યું પણ નહીં!'




રે વાર્તા!

મનીષ સુથાર


બટાકા આલુકાકા, જે પોતાની જાતને સૌથી મોટા સમજતા હતા, તેમણે ગર્વથી કહ્યું, 'તમે ભૂલી ગયા, રીંકુ? તમે તો હજુ કાચા છો. તમારું 'ભરથું' કે 'રીંગણના ભજીયાં' બનવામાં સમય લાગશે.'

રીંકુનો ગુસ્સો સાતમા આસમાને પહોંચ્યો. 'સમય? મારે હવે રાહ નથી જોવી! હું આ શાકભાજીની દુનિયા છોડીને જઈ રહ્યો છું! હું કંઈક એવું બનીશ... એવું બનીશ.. કંઈક અદ્ભુત!'

બધા શાકભાજી હસવા લાગ્યા. 'એક નાનું રીંગણ ક્યાં જશે?'

ગુસ્સામાં, રીંકુ પોતાનું વજન સંભાળ્યા વિના ગબડવા લાગ્યું. તે બટાકાની ઢગલી પરથી ગબડ્યો, કાંદાને ધક્કો માર્યો અને ગબડતો ગબડતો માર્કેટની બહાર નીકળી ગયો.

તે રસ્તા પર ગબડતો હતો ત્યાં તેને એક બાળકોની રમકડાની દુકાન દેખાઈ.

'બસ! આ જ મારી નવી દુનિયા!' રીંકુએ વિચાર્યું. 'હું રમકડું બનીશ! કોઈ મને કાપશે નહીં, માત્ર રમશે!'

તે ધક્કો મારીને રમકડાની દુકાનમાં પ્રવેશ્યો અને એક સુંદર ભરાવદાર ટેડી બેરની બાજુમાં બેસી ગયો.

ટેડી બેરે તેને જોયું. 'કોણ છે તું? તું મારો મિત્ર તો નથી? ને અહીં અમારી વચ્ચે કેમ આવ્યો છે?'

રીંકુએ ગર્વથી કહ્યું. 'અરે! હું હવે માત્ર રીંગણ નથી. હું એક નવું જાંબલી રમકડું છું! હું રિસાઈ ગયો છું, એટલે હવે મને કોઈ ખાઈ શકે તેમ નથી! એટલે હું અહી તમારી વચ્ચે આવી ગયો છું!'

ટેડી બેરે આ વાત તેના કાનમાં કહી, 'ભલે બધા તારી સાથે રમે, પણ મને તો તને જોઈને ભૂખ લાગી ગઈ છે, રીંકુ! તું તો એકદમ મુલાયમ, ભરથું બનાવવા માટે તૈયાર રીંગણ જેવો લાગે છે.'

રીંકુ ગભરાઈ ગયો. તેને સમજાયું કે રમકડાંની દુનિયા પણ સલામત નથી!

એવામાં એક નાની છોકરી ચીંકી, તેના પિતા સાથે રમકડાં લેવા આવી. ચીંકીની નજર સીધી રીંકુ પર પડી.

'પપ્પા! જુઓ! આ રમકડું નહીં, આ તો તાજું રીંગણ છે! આજે મને 'ભરેલાં રીંગણ' ખાવાં છે! હવે આપણે માર્કેટમાં નહીં જવું પડે!'

ચીંકીએ રીંકુને ઉપાડ્યો. રીંકુ ગભરાઈને કૂદવા લાગ્યો. 'ના! હું રીંગણ નથી! હું તો રિસાઈ ગયેલું રીંકુ રમકડું છું!'

પણ ચીંકીને તો ફક્ત તેનું ભરેલું શાક બનાવવું હતું. પિતા હસી પડ્યા, 'હા બેટા, આ રીંગણ છે, રમકડું નથી.'

રીંકુની રીસ ઉતરી ગઈ. તેને સમજાયું કે તેનું સાચું ગૌરવ તો સ્વાદિષ્ટ શાકભાજી બનવામાં જ છે.

તે રડમસ અવાજે બોલ્યો, 'મને માફ કરજો, મારે હવે ભરથું જ બનવું છે! મને ફરી માર્કેટમાં મૂકી દો!'

પણ હવે મોડું થઈ ગયું હતું. ચીંકી ખુશ થઈને રીંકુને લઈને ઘરે ગઈ અને તે સાંજે રીંગણનું સ્વાદિષ્ટ ભરથું બન્યું, જેને ચીંકીએ ખૂબ હોંશથી ખાધું.


આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ "ા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી.

# મથુરાના યમુના એક્સપ્રેસ વે પર ૮ બસ-૩ કાર અથડાતા ૧૩ ભડથુ



મથુરા,તા.૧૬

મથુરામાં યમુના એક્સપ્રેસ-વે પર ધુમ્મસના કારણે ૮ બસો અને ૩ કારો અથડાઈ, ટક્કર થતાં જ ગાડીઓમાં આગ લાગી ગઈ. ૧૩ લોકો જીવતા બળી ગયા, ૭૦ લોકો ઘાયલ છે. મૃત્યુઆંક હજુ પણ વધી શકે છે, કારણ કે બસોમાંથી કપાયેલા અંગો મળ્યા છે. પોલીસે તેમને ૧૭ પોલિથીન બેગમાં ભરીને લઈ ગઈ છે. હવે ડીએનએ ટેસ્ટથી તેમની ઓળખ કરવામાં આવશે. આ દુર્ઘટના થાણા બલદેવ વિસ્તારમાં માઈલસ્ટોન ૧૨૭ પર થઈ. પોલીસ, ફાયર બ્રિગેડ અને SDRFના ૫૦ જવાનો અને ૯ પોલીસ સ્ટેશનોની પોલીસે ૬ કલાકમાં બચાવ કામગીરી પૂરી કરી. દુર્ઘટનાના કારણે એક્સપ્રેસ-વે પર ૩ કિમી લાંબો ટ્રાફીક જામ થઈ ગયો હતો. ટક્કર પછી રાહદારીએ પોલીસને ફોન કરીને જાણ કરી. પોલીસ પહોંચે તે પહેલા આસપાસના લોકો ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. પ્રત્યક્ષદર્શી ભગવાન દાસે જણાવ્યું કે ટક્કર પછી એવું લાગ્યું જાણે બોમ્બ ફાટ્યો હોય. લોકો બસોના કાચ તોડીને બહાર કૂદી રહ્યા હતા.

# લોકસભામાં 'VB-G,RAM G' બીલ રજૂ થતા વિપક્ષોએ ઉગ્ર વિરોધ નોંધાવ્યો

ન્યુ દિલ્હી,તા.૧૬

લોકસભામાં મંગળવારે કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે 'વિકસિત ભારત ગેરંટી ફોર રોજગાર એન્ડ આજીવિકા મિશન (ગ્રામીણ) (VB-G RAM G) બિલ, ૨૦૨૫' રજૂ કર્યું. જો આ બિલ પસાર થશે તો તે મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી કાયદા (MGNREGA)ને રિપ્લેસ કરશે. બિલની કોપી સોમવારે લોકસભાના સાંસદો વચ્ચે સર્ક્યુલેટ કરવામાં આવી છે. કોંગ્રેસના સાંસદ પ્રિયંકા ગાંધીએ આ બિલનો વિરોધ કરતા કહ્યું કે તે બંધારણની મૂળ ભાવનાની વિરુદ્ધ છે.પ્રિયંકા ગાંધીએ કહ્યું- મહાત્મા ગાંધી ફક્ત મારા પરિવાર જ નથી, તેઓ મારા પરિવાર જેવા છે. આ સમગ્ર દેશની ભાવના છે. ઓછામાં ઓછું તેને સ્થાયી સમિતિને મોકલો. કોઈ પણ બિલ કોઈની વ્યક્તિગત મહત્વાકાંક્ષા, ઈચ્છાઓ અથવા પૂર્વગ્રહોના આધારે રજૂ કે પસાર ન થવું જોઈએ.કોંગ્રેસના સાંસદ શશી થરૂરે પણ "VB--જી રામ જી" બિલનો વિરોધ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે, "મહાત્મા ગાંધીનું નામ બદલવું યોગ્ય નથી. રાજ્ય માટે મહાત્મા ગાંધીનું વિઝન રાજકીય નહીં પણ સામાજિક વિકાસ હતું." તેમનું નામ હટાવવું ખોટું છે. રામનું નામ બદનામ ન કરો, નવા બિલમાં જણાવાયું છે કે તેનો ઉદ્દેશ્ય "વિકસિત ભારત ૨૦૪૭"ના રાષ્ટ્રીય દ્રષ્ટિકોણને અનુરૂપ ગ્રામીણ વિકાસ માટે એક નવું માળખું બનાવવાનો છે. કામકાજના દિવસોની સંખ્યા ૧૦૦થી વધારીને ૧૨૫ કરવામાં આવશે. આ તરફ કોંગ્રેસે સરકારના નિર્ણયનો વિરોધ કર્યો છે.

# લગ્ન પહેલા માતા-પિતાની લેખીત મંજૂરી ફરજિયાત કરવાનો કાયદો લાવવા સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજની માંગ

ગાંધીનગર,તા.૧૬

લગ્ન પહેલાં માતા-પિતાની લેખિત મંજૂરી ફરજિયાત બનાવતો કાયદો લાવવા માટે સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજ દ્વારા રાજ્ય સરકાર સમક્ષ રજૂઆત કરવામાં આવી છે. પૂર્વ ધારાસભ્ય વલ્લભ કાકડિયા સહિત સમાજના આશરે દસ આગેવાનોના પ્રતિનિધિમંડળે મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીને મળી આ મુદ્દે કાયદાકીય સુધારાની માંગ કરી હતી. પ્રતિનિધિમંડળે રજૂઆત દરમિયાન જણાવ્યું હતું કે, વર્તમાન સમયમાં કાયદાકીય રીતે ઉંમરલાયક દીકરા-દીકરીઓ ઘણીવાર માતા-પિતાની જાણ કે સંમતિ વગર લગ્ન કરી લે છે. ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારોમાં રહેતી દીકરીઓ કાચી ઉંમરમાં ખોટી સમજણ કે ભાવનાત્મક દબાણના કારણે ઉતાવળે નિર્ણય લઈ લે છે, જેના કારણે તેમનું ભવિષ્ય જોખમમાં મુકાય છે. સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજના આગેવાનોએ આક્ષેપ કર્યો હતો કે કેટલીક ઘટનાઓમાં દીકરીઓને ભરમાવી લગ્ન કરાવવામાં આવે છે, જેના કારણે તેઓ મુશ્કેલીમાં ફસાઈ જાય છે. આવી ઘટનાઓ રોકવા માટે લગ્ન પહેલાં માતા-પિતાની સંમતિ લેવી કાયદેસર ફરજિયાત બનાવવાની જરૂરિયાત છે, જેથી પરિવારને જાણ રહે અને દીકરીઓ ખોટા નિર્ણયથી બચી શકે.

# લીંબડી અને ચોટીલા વિસ્તારમાંથી એસએમસીએ વિદેશી દારૂ સહિત રૂા.૧.૫૭ કરોડનો મુદ્દામાલ ઝડપી પાડ્યો



સુરેન્દ્રનગર,તા.૧૬

ગાંધીનગર સ્ટેટ મોનિટરિંગ સેલ દ્વારા છેલ્લા ૨૪ કલાકમાં સુરેન્દ્રનગર જિલ્લામાં લીંબડી અને ચોટીલા વિસ્તારમાં બે અલગ-અલગ જગ્યાએ મોટી કાર્યવાહી કરવામાં આવી છે. આ કાર્યવાહીમાં કુલ એક કરોડ ૫૭ લાખ રૂપિયાથી વધુના વિદેશી દારૂ સહિતનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. આ કાર્યવાહીથી જિલ્લામાં તેમજ દારૂના ગેરકાયદે ધંધામાં સંકળાયેલા બુટલેગરોમાં ભારે ફફડાટ ફેલાઈ ગયો છે. સુરેન્દ્રનગર જિલ્લા સહિત સમગ્ર ગુજરાતમાં પંજાબ, રાજસ્થાન અને મહારાષ્ટ્રમાંથી મોટા પ્રમાણમાં દારૂની ઘૂસણખોરી થતી હોવાની માહિતી સામે આવી રહી છે. ખાસ કરીને સુરેન્દ્રનગર જિલ્લામાંથી પસાર થતા અમદાવાદ - રાજકોટ નેશનલ હાઈવે પર વારંવાર દારૂનો મોટો જથ્થો ઝડપાતો હોય છે. આ દરમિયાન સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે લિંબડી તાલુકાના ઝાખર ગામના પાટિયા પાસે આવેલા એક ફાર્મ હાઉસમાં રેડ કરી ૬૩ લાખ ૫૭ હજાર રૂપિયાનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો હતો.

## :: જાહેર નોટીસ ::

આથી અમો નીચે સહી કરનાર - **એસ.પી.ભડકોલીયા, (એમ.કોમ, એલ.એલ.બી., એડવોકેટ & નોટરી)**, સરનામું-પોલીસ સ્ટેશન સામે, મુ.લીલીયા, તા.લીલીયા, જિ.અમરેલીના અમોના અસીલોની સુચના અને ફરમાઈશ મુજબ નીચેની વિગતે જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે,

(૧) અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના મોજે-ભેંસવડી ગામે ખેતીના માલીક શ્રી ઈન્દુબેન અરવિંદભાઈ અમીપરાના સ્વતંત્ર નામે ખેડ ખાતા નં-૪૩૬ ના (૧.૧) સ.નં-૯૯/૬બ, હે.આરે.ચોમી.૦-૦૯-૧૧, આકાર-૦.૫૦ (૧.૨) સ.નં-૯૯/૫, હે.આરે.ચોમી.૦-૩૬-૪૨, આકાર—૨.૧૨ (૧.૩) સ.નં-૯૦/૬/ પૈકી ૧, હે.આરે.ચોમી. ૧-૭૯-૦૭, આકાર-૮.૮૫ (૧.૪) સ.નં-૯૦/૫, હે.આરે.ચોમી. ૨-૪૮-૮૮, આકાર-૧૨.૧૨ વાળી ખેતીની જમીનો આવેલ છે. તેમજ (૨.૧) મોજે-લોંકા ગામે ખેતીના માલીક શ્રી ઈન્દુબેન અરવિંદભાઈ અમીપરા ના સ્વતંત્ર નામે ખેડ ખાતા નં-૩૩૪ ના સ.નં-૬૯ (જુનો સ.નં-૧૧ પૈકી ૩/ પૈકી ૨) હે.આરે.ચોમી. ૧-૧૩-૩૪, આકાર-૭.૭૫ વાળી ખેતીની જમીન આવેલ છે.

(૨) અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના મોજે-લોંકા ગામે ખેતીના માલીક શ્રી અરવિંદભાઈ લાલજીભાઈ પટેલ (અમીપરા) ના સ્વતંત્ર નામે ખેડ ખાતા નં-૩૩૩ ના સ.નં-૭૬ (જુનો સ.નં-૧૩/૧) હે.આરે.ચોમી ૪-૭૨-૩૭, આકાર-૨૩.૯૯ વાળી ખેતીની જમીન આવેલ છે.

(૩) અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના મોજે-લોંકા ગામે ખેતીના માલીક શ્રી ચંદુલાલ મનસુખલાલ બુટાણી ના સ્વતંત્ર નામે ખેડ ખાતા નં-૧૧૨ ના સ.નં-૬૬ (જુનો સ.નં-૧૦/૧ પૈકી ૨) હે.આરે.ચોમી.૧-૬૫-૦૨, આકાર-૮.૬૬ વાળી ખેતીની જમીન આવેલ છે.

(૪) અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના મોજે-ભેંસવડી ગામે ખેતીના માલીકો (૧) પરબતભાઈ ભીખાભાઈ સોળીયા (૨) રાજેશભાઈ પરબતભાઈ સોળીયા (૩) વિપુલભાઈ પરબતભાઈ સોળીયા (૪) હરેશભાઈ પરબતભાઈ સોળીયા ના સંયુકત નામે ખેડ ખાતા નં-૪૫૫ ના (૧) સ.નં-૯૦/૬/ પૈકી ૨, હે.આરે.ચોમી.૦-૨૨-૨૬, આકાર-૧.૧૫ (૨) સ.નં-૮૯/૨૧, કુલ હે.આરે.ચોમી. ૧-૫૭-૮૩ માંથી વેચાણ પૈકી ૧-૧૭-૩૬ વાળી ખેતીની જમીનો આવેલ છે.

ઉપરોકત જણાવ્યા મુજબની ખેતીની જમીન ક્રમ નં.(૧.૧ થી ૧.૪) ની મોજે-ભેંસવડી ગામની ઈન્દુબેન અરવિંદભાઈ અમીપરા ની જમીનોમાં શ્રી લોંકા સેવા સહકારી મંડળી લી.નો રૂા.૨૦,૦૦,૦૦૦/- ના તારણમાં બોજો નોંધાયેલ છે. તેમજ ક્રમ નં.(૨.૧) મોજે-લોંકા ગામની ઈન્દુબેન અરવિંદભાઈ અમીપરા જમીનમાં શ્રી લોંકા સેવા સહકારી મંડળી લી.નો રૂા.૬,૦૦,૦૦૦/- ના તારણમાં બોજો નોંધાયેલ છે. તેમજ ક્રમ નં. (૨) મોજે-લોકા ગામે અરવિંદભાઈ લાલજીભાઈ પટેલ (અમીપરા) ની જમીનમાં શ્રી લોંકા સેવા સહકારી મંડળી લી.નો રૂા.૩૦,૦૦,૦૦૦/- ના તારણમાં બોજો નોંધાયેલ છે. તેમજ ક્રમ નં.(૩) મોજે-લોંકા ગામે ચંદુલાલ મનસુખલાલ બુટાણી ની જમીનમાં ICICI બેંક અમરેલી શાખાના રૂા.૧,૪૦,૦૦,૦૦૦/- માં તથા શ્રી ભેંસવડી સેવા સહકારી મંડળી લી.નો રૂા.૭૧,૮૦,૦૦૦/- ના તારણમાં બોજો નોંધાયેલ છે. તેમજ ક્રમ નં.(૪) મોજે-ભેંસવડી ગામે પરબતભાઈ ભીખાભાઈ સોળીયા વિગેરે-૩ ની જમીનમાં શ્રી લોંકી સેવા સહકારી મંડળી લી.નો રૂા.૨૦,૦૦,૦૦૦/- ના તારણમાં બોજો નોંધાયેલ છે.

ઉપરોકત જણાવ્યા મુજબની ખેતીની જમીન ખેડૂત ખાતેદાર માલીક પાસેથી ઉપરોકત વિગતે જણાવેલ સર્વેનંબર, ખાતા નંબર, ક્ષેત્રફળ, તેમજ આકાર વાળી ખેતીની જમીન અમોના અસીલ વેચાણ થી ખરીદ કરી, લેવા માંગતા હોઈ, જેથી જાહેર જનતાને આથી જાણ કરવામા આવે છે કે, ઉપરોકત જણાવેલ જમીન ઉપર ૭/૧૨ માં જણાવેલ બોજા સિવાય કોઈનો હક, હિત, હિસ્સો, દાવો, લીયન, બોજો, ગીરો, વેચાણખત, સાટાખત કે બાનાખત તેમજ લાગ ભાગ કે હક હિસ્સો સમાયેલા હોય તો, આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૧૦ (દસ) મા અમો રૂબરૂ આધાર પુરાવાઓ સાથે ઉપરના સરનામે રજૂ કરશો. જો તેમ નહિ કરવામાં આવે તો હક જતો (વેવ) કરેલ છે, તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે.

સદરહુ ખેતીની જમીન સંબંધે કોઈપણ પ્રકારના રેવન્યુ ખાતામાં, પંચાયત વિભાગમાં, કે કોઈ પ્રકારની કોર્ટમાં કે અન્ય કોઈ જગ્યાએ વાદ વિવાદ ચાલતા હોય, કે ચાલેલ હોય તો તેવા વાદ વિવાદના પક્ષકારોએ સાધનીક કાગળો સાથે આ નોટીસની તારીખથી દિન-૧૦ (દસ) માં અમારો ઉપરના સરનામે સંપર્ક કરવો. જો તેમ નહિ કરવામા આવે તો ઉપરોકત ખેતીની જમીન ટાઈટલ કલીયર છે. તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. ત્યારબાદ કોઈપણનો વાંધો, વચકો કે તકરાર ચાલશે નહિ. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

**મારા અસીલોની સુચના અને ફરમાઈશથી....**

**સ્થળ :- લીલીયા**
**તારીખ:-૧૫/૧૨/૨૦૨૫**

**એસ.પી.ભડકોલીયા**
**(એડવોકેટ & નોટરી)**

# ઓસ્ટ્રેલિયન ખેલાડી કેમેરોન ગ્રીનને કોલકાતા નાઈટ રાઈડર્સે ૨૫.૨૦ કરોડમાં ખરીદ્યો

અબુધાબી,તા.૧૬

આઈપીએલ હરાજીમાં પહેલા અડધા કલાકમાં રસપ્રદ બોલી લાગી. કેમેરોન ગ્રીન શરૂઆતથી જ ખુબ ચર્ચામાં હતા, ઓસ્ટ્રેલિયન ખેલાડીને કોલકાતા નાઈટ રાઈડર્સે ૨૫.૨૦ કરોડમાં ખરીદ્યો હતો. તેની બેઝ પ્રાઈસ ૨ કરોડ હતી. તે તેની બેઝ પ્રાઈસ કરતાં લગભગ ૧૩ ગણા ભાવે વેચાયો હતો, જેનાથી તે આઈપીએલ ઈતિહાસનો ત્રીજો સૌથી મોંઘો ખેલાડી બન્યો. ગ્રીનને ભૂલથી બેટિંગ લાઈન-અપમાં સામેલ કરવામાં આવ્યો હતો. જોકે, તેનું નામ આવતાની સાથે જ ચાર ફ્રેન્ચાઈઝીઓએ પોતાનો ખજાનો ખોલ્યો. પહેલા મુંબઈ ઈન્ડિયન્સ અને રાજસ્થાન રોયલ્સ મેદાનમાં ઉતર્યા. પછી કેકેઆર મેદાનમાં ઉતરી. અંતે, ચેન્નાઈ અને કોલકાતા વચ્ચે બોલી લાગી હતી. બંને ટીમોએ જોરદાર બોલી લગાવી હતી.

## CHANGE OF NAME

I Undersigh I PARVADIYA CHANDULAL GORDHANBHAI have changed my name from PARVADIA CHADULAL GORDHAN To PARVADIYA CHANDULAL GORDHANBHAI (New) Now i will be known as PARVADIYA CHANDULAL GORDHANBHAI(New)

Sigh :PARVADIYA CHANDULAL GORDHANBHAI
Address: HARIDHAM SOCIETY, KERIYA ROAD, AT-AMRELI-365601

## //એક્ઝિક્યુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//

અપીલ રજી નં.૨૨૯/૨૦૨૫

અરજદાર :- શ્રી ખોડાભાઈ છનાભાઈ પરમાર
રહે.સાજીયાવદર, તા.જિ.અમરેલી

વિરૂધ્ધ

સામાવાળા:- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ. સાજીયાવદર, તા.જી.અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના સાજીયાવદર ગામમાં અરજદારશ્રી ખોડાભાઈ છનાભાઈ પરમાર તેઓના ભત્રીજા નનુભાઈ માલાભાઈ પરમારની જન્મ (૦૧/૦૬/૧૯૬૭)ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૧૦/૧૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી,
એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય

## -// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ કોડીનારની કોર્ટમાં //-

નં.જન્મ-મરણ કેસ.નં.૧૯૦/૨૦૨૫

પ્રતિ,
શ્રી અફઝલ અબુભાઈ સોરઠિયા,
રહે.દામલી, ગામ-દામલી, તાલુકો-કોડીનાર
જિલ્લો-ગીર સોમનાથ .....અરજદાર

વિરૂધ્ધ
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત દામલી,
તા.કોડીનાર, જિ.ગીર સોમનાથ ......સામાવાળા

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, કોડીનાર તાલુકાના દામલી ગામના રહીશ અફઝલ અબુભાઈ સોરઠિયા તથા રેશમાબેન અફઝલ સોરઠિયાના પુત્રી શ્રી સોફીયાબેન અફઝલ સોરઠિયાનો જન્મ તારીખ. ૧૧/૧૨/૨૦૨૦ ના રોજ કોડીનાર તાલુકાના દામલી ગામ ખાતે થયેલ છે. જેની જન્મની નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત દામલી, તાલુકો-કોડીનાર સને-૨૦૨૦ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૨/૧૨/૨૦૨૫ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવા જણાવેલ પરંતુ આપ હાજર રહેલ ન હોય હવે પછીની આગામી મુદત તા.૧૮/૧૨/૨૦૨૫ના ૧૫:૦૦ કલાકે રાખવામાં આવેલ હોય વાંધા-તકરાર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૫/૧૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી,
(એચ.કે.ભાસ્કર)
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

## -// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ કોડીનારની કોર્ટમાં //-

નં.જન્મ-મરણ કેસ.નં.૨૨૪/૨૦૨૫

પ્રતિ,
શ્રી મરીયમબેન અલીમોહમદભાઈ ભાગાણી,
રહે.વેરાવળ,ગામ-વેરાવળ,તાલુકો-વેરાવળ,
જિલ્લો-ગીર સોમનાથ .....અરજદાર

વિરૂધ્ધ
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત, અરણેજ,
તા.કોડીનાર, જિ.ગીર સોમનાથ ......સામાવાળા

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, વેરાવળ તાલુકાના વેરાવળ ગામના રહીશ અલીમહંમદ શકુર ભાગાણી તથા મરીયમબેન અલીમહંમદ ભાગાણીના પુત્ર યુસુફ અલીમહંમદ ભાગાણીનો જન્મ તારીખ. ૧૯/૧૨/૧૯૭૧ ના રોજ કોડીનાર તાલુકાના અરણેજ ગામ ખાતે થયેલ છે. જેની જન્મની નોંધણી રજીસ્ટરમાં તેમના જન્મની નોંધ ગ્રામ પંચાયત અરણેજ, તાલુકો-કોડીનાર સને-૧૯૭૧ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૩/૧૨/૨૦૨૫ના રોજ ૧૫:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૧૨/૧૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી,
(એચ.કે.ભાસ્કર)
એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

## //- મામલતદાર અને તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ ખાંભા //-

બ.ડે. રજી.કેસ નં.૨૩/૨૫ — નં.એમએજી/વશી/૩૨૫/૨૦૨૫
તા.૦૯/૧૨/૨૦૨૫

અરજદાર ... શ્રી અમૃતભાઈ કાનજીભાઈ હિરાણી,
રહે.નેસડી-૨, તા.ખાંભા,

વિરૂધ્ધ

સામાવાળા .... જન્મ મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી
- વ-
તલાટી કમ મંત્રી શ્રી નેસડી-૨, તા.ખાંભા

**- નોટીસ -**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, શ્રી અમૃતભાઈ કાનજીભાઈ હિરાણી, રહે. નેસડી-૨, તા.ખાંભા, જિ.અમરેલી. વાળાએ તેમના પોતાના નામે અમૃતભાઈ કાનજીભાઈ હિરાણી જન્મ તા.૦૧/૦૬/૧૯૬૦ ના રોજ ખાંભા તાલુકાનાં નેસડી-૨ મુકામે થયેલ હોવાની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજ કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મની નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં સુનવણી મુદત તા.૧૨/૦૧/૨૦૨૬ના રોજ ૦૩:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.તેમજ અરજદારશ્રીએ નોટીસ સ્થાનિક અખબારમાં પ્રસિધ્ધ કરાવવાની રહેશે. જેની નોંધ લેવી.

સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
ખાંભા

## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, લાઠીની કોર્ટમાં

જન્મ/મરણ પરચુરણ અરજી નં.૧૭૦/૨૫ — તા.૧૦/૧૨/૨૦૨૫

વિવાદી :- શ્રી કલકાણી રમેશભાઈ પોપટભાઈ, મુ.પ્લોટ વિસ્તાર, ચાવંડ,
તા.લાઠી, જી.અમરેલી મો.૯૯૦૯૬૨૦૫૨૫
અરજદારશ્રીના વિ.વ.શ્રી જગદીશ, જી.આસોદરીયા
ઠે.તાલુકા પંચાયત સામે, લાઠી, મો.૯૩૧૬૦૬૮૪૫૬

વિરૂધ્ધ

પ્રતિવિવાદી:- જન્મ -મરણ નોંધણી અધિકારી- વ- તલાટી કમ મંત્રીશ્રી ગ્રામ પંચાયત
મુ.ચાવંડ, તા.લાઠી, જિ.અમરેલી

**જાહેર નોટીસ**
(મરણનાં દાખલા માટે)

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે. ચાવંડ ગામના રહિશ આ કામના અરજદારશ્રીના માતાશ્રી શાંતાબેન પોપટભાઈ કલકાણીનું મરણ તા.૨૮/૦૬/૧૯૮૬ ના રોજ ચાવંડ તા.લાઠી, જિ. અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના મરણની નોંધ કરાવેલ ન હોય/ મરણની નોંધ કરવાની રહી ગયેલ હોય, જેથી મરણની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૦૮/૧૨/૨૦૨૫થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ જન્મ-મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૦૮/૦૧/૨૦૨૬ના રોજ બપોરના ૩-૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવાં આવશે.

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
લાઠી

## //- મામલતદાર અને તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ ખાંભા //-

બ.ડે. રજી.કેસ નં.૩૧/૨૫ — નં.એમએજી/વશી/૩૧૭/૨૦૨૫
તા.૦૯/૧૨/૨૦૨૫

અરજદાર ... શ્રી જીવનભાઈ આણંદભાઈ ઘોઘારી, રહે.તાલડા, તા.ખાંભા,
જિ.અમરેલી

વિરૂધ્ધ

સામાવાળા .... જન્મ મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી
- વ-
તલાટી કમ મંત્રી શ્રી તાલડા, તા.ખાંભા, જિ.અમરેલી.

**- નોટીસ -**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, શ્રી જીવનભાઈ આણંદભાઈ ઘોઘારી, રહે. તાલડા, તા.ખાંભા, જિ.અમરેલી. વાળાએ તેમની પુત્રીશ્રી નામે શિલ્પાબેન જન્મ તા.૦૧/૦૧/૧૯૮૬ ના રોજ ખાંભા તાલુકાનાં તાલડા મુકામે થયેલ હોવાની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજ કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મની નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં સુનવણી મુદત તા.૧૨/૦૧/૨૦૨૬ના રોજ ૦૩:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.તેમજ અરજદારશ્રીએ નોટીસ સ્થાનિક અખબારમાં પ્રસિધ્ધ કરાવવાની રહેશે. જેની નોંધ લેવી.

સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
ખાંભા

## //- મામલતદાર અને તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ ખાંભા //-

બ.ડે. રજી.કેસ નં.૨૪/૨૫ — નં.એમએજી/વશી/૩૨૬/૨૦૨૫
તા.૦૯/૧૨/૨૦૨૫

અરજદાર ... શ્રી અમૃતભાઈ કાનજીભાઈ હિરાણી,
રહે.નેસડી-૨, તા.ખાંભા,

વિરૂધ્ધ

સામાવાળા .... જન્મ મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી
- વ-
તલાટી કમ મંત્રી શ્રી નેસડી-૨, તા.ખાંભા

**- નોટીસ -**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, શ્રી અમૃતભાઈ કાનજીભાઈ હિરાણી, રહે. નેસડી-૨, તા.ખાંભા, જિ.અમરેલી. વાળાએ તેમના પુત્ર નામે શ્રી મેહુલભાઈ અમૃતભાઈ હિરાણી જન્મ તા.૦૫/૦૧/૧૯૮૭ ના રોજ ખાંભા તાલુકાનાં નેસડી-૨ મુકામે થયેલ હોવાની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજ કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મની નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં સુનવણી મુદત તા.૧૨/૦૧/૨૦૨૬ના રોજ ૦૩:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.તેમજ અરજદારશ્રીએ નોટીસ સ્થાનિક અખબારમાં પ્રસિધ્ધ કરાવવાની રહેશે. જેની નોંધ લેવી.

સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
ખાંભા

## //- મામલતદાર અને તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ ખાંભા //-

બ.ડે. રજી.કેસ નં.૩૪/૨૫ — નં.એમએજી/વશી/૩૩૪/૨૦૨૫
તા.૧૧/૧૨/૨૦૨૫

અરજદાર ... શ્રી મંગાભાઈ લાખાભાઈ ચૌહાણ, રહે.જામકા, તા.ખાંભા,
જિ.અમરેલી

વિરૂધ્ધ

સામાવાળા .... જન્મ મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી
- વ-
તલાટી કમ મંત્રી શ્રી જામકા, તા.ખાંભા, જિ.અમરેલી.

**- નોટીસ -**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસ થી જાણ કરવામાં આવે છે કે, શ્રી મંગાભાઈ લાખાભાઈ ચૌહાણ, રહે. જામકા, તા.ખાંભા, જિ.અમરેલી. વાળાએ તેમની પુત્રી નામે ભાનુબેન મંગાભાઈ ચૌહાણ જન્મ તા.૦૧/૦૧/૧૯૯૦ ના રોજ ખાંભા તાલુકાનાં જામકા મુકામે થયેલ હોવાની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજ કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મની નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં સુનવણી મુદત તા.૧૨/૦૧/૨૦૨૬ના રોજ ૦૩:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. તેમજ અરજદારશ્રીએ નોટીસ સ્થાનિક અખબારમાં પ્રસિધ્ધ કરાવવાની રહેશે. જેની નોંધ લેવી.

સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
ખાંભા

# અમદાવાદમાં કમલ તળાવમાં ૧૫૦ જેટલા મકાનો પર તંત્રનું બુલડોઝર

અમદાવાદ,તા.૧૬



અમદાવાદના કુબેરનગર આઈટીઆઈ રોડ પર આવેલા કમલ (ઉમલા) તળાવમાં ૧૬ ડિસેમ્બરની સવારથી મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ડિમોલિશન શરૂ કરવામાં આવ્યું છે. તળાવમાં ૧૫૦ જેટલા કાચા-પાકા મકાનો ઉત્તર ઝોનના એસ્ટેટ વિભાગ દ્વારા તોડી પાડવામાં આવ્યા છે. મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આ તમામ દબાણકારોને નોટિસ આપવામાં આવી હતી, ત્યારબાદ ખાલી ન કરવામાં આવતા સ્થાનિક પોલીસના બંદોબસ્ત સાથે ડિમોલેશનની કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી છે. મકાનો તોડી પાડવામાં આવતા સ્થાનિક લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. પોતાની નજર સામે જ ઘર તબાહ થતાં જોઈને મહિલાઓ, બાળકો અને પુરુષો જેવા પુરુષો પણ રડી પડ્યાં હતાં. મહિલાઓની તો રડી રડીને હાલત ખરાબ થઈ જવા પામી હતી. આ દરમિયાન એક મહિલા બેભાન પણ થઈ ગઈ હતી. સ્થાનિકોની માંગ છે કે, અમે બીજે જવા માટે તૈયાર છીએ, પરંતુ અમને વૈકલ્પિક મકાનની વ્યવસ્થા આપવામાં આવી નથી.

# ઈડર નજીક અકસ્માતમાં ચાર આશાસ્પદ યુવાનોના થયા મોત, અંતિમયાત્રામાં કરૂણ દશ્યો સર્જાયા

ઈડર,તા.૧૬



ઈડર નજીક થયેલા માર્ગ અકસ્માતમાં ચાર યુવાનોના કરુણ મોત થયા છે. આ ઘટના બાદ ઈડરના ભોઈવાડા વિસ્તારમાં શોકનો માહોલ છવાઈ ગયો હતો. આજે સવારે ચારેય યુવાનોની અંતિમયાત્રા એકસાથે નીકળતા સમગ્ર પંથકમાં ગમગીની છવાઈ ગઈ હતી. પ્રાપ્ત માહિતી અનુસાર, ગઈકાલે રાત્રે ઈડરના રેવાસ ગામ પાસે આ ગંભીર અકસ્માત સર્જાયો હતો. જેમાં ભોઈ સમાજના ચાર યુવકોના ઘટનાસ્થળે જ મોત નિપજ્યા હતા. આ યુવાનો કડિયાકામ કરીને પોતાનું ગુજરાન ચલાવતા હતા. મોત બાદ તમામ મૃતદેહોને ઈડરની સરકારી હોસ્પિટલ ખાતે પોસ્ટમોર્ટમ માટે ખસેડવામાં આવ્યા હતા. આજે સવારે પોસ્ટમોર્ટમની વિધિ પૂર્ણ થયા બાદ મૃતદેહોને તેમના પરિવારજનોને સોંપવામાં આવ્યા હતા. ચારેય યુવાનો એક જ સમાજના અને એક જ વિસ્તારના હોવાથી ભોઈ સમાજના આગેવાનોએ એકસાથે અંતિમયાત્રા કાઢવાનો અને અગ્નિસંસ્કાર કરવાનો નિર્ણય કર્યો હતો. આ નિર્ણય બાદ સમગ્ર ભોઈવાડાના લોકો એકત્રિત થયા હતા અને ચારેય યુવાનોને અંતિમ વિદાય આપી હતી.




# અમદાવાદ તરફથી આવતી ટ્રકની બગોદરા પોલીસે તલાશી લેતા રૂા.૪૮ લાખનો દારૂ ઝડપાયો

**સંતરાના કેરેટની પાછળ છુપાવેલો વિદેશી દારૂનો જંગી જથ્થો મળી આવ્યો**

અમદાવાદ,તા.૧૬

બગોદરા પોલીસની ટીમ ટોલટેક્સ પાસે રૂટિન વાહન ચેકિંગમાં હતી. તે દરમિયાન અમદાવાદ તરફથી આવતા એક શંકાસ્પદ આઈશર ટ્રકને અટકાવીને તપાસ હાથ ધરવામાં આવી હતી. પ્રાથમિક તપાસમાં ટ્રકમાં પ્લાસ્ટિકના કેરેટમાં સંતરા ભરેલા જોવા મળ્યા હતા. જોકે, ટ્રક ચાલક પાસે માલસામાન અંગેની કોઈ પાકી બિલ્ટી ન હોવાથી પોલીસને શંકા ગઈ હતી. પોલીસે ટ્રકમાં ઉંડાણપૂર્વક તપાસ કરતાં સંતરાના કેરેટની પાછળ વ્યવસ્થિત રીતે છુપાવેલો વિદેશી દારૂનો જંગી જથ્થો મળી આવ્યો હતો.

# અમદાવાદના રામોલમાં પૂર ઝડપે આવતી કાર ઝુંપડામાં ઘુસી જતા ચાર લોકો ગંભીર ઈજાગ્રસ્ત

અમદાવાદ,તા.૧૬



અમદાવાદના રામોલ વિસ્તારમાં એક ગંભીર અકસ્માત સર્જાયો હતો, જ્યાં રામોલ ગામમાં આવેલા તળાવ પાસે ગઈકાલે રાત્રે શ્રમિક પરિવાર છાપરામાં સુઈ રહ્યો હતો ત્યારે મોડી રાત્રે અચાનક જ પૂર ઝડપે આવતી એક ફોર વ્હીલર ગાડી બેફામ રીતે છાપરામાં ઘુસી ગઈ હતી. આ અકસ્માતમાં શ્રમિકનો પરિવાર અંદર ફસાઈ ગયો હતો. આસપાસના લોકોએ ભેગા થઈને ગાડી ઊંચી કરીને ચાર લોકોને બહાર કાઢ્યા હતા, જેમાંથી મુકેશભાઈ, તેમના પત્ની અને બે બાળકો સહિત કુલ ચાર વ્યક્તિઓને ગંભીર ઈજા થતાં સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. આ ઘટનાના સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યા છે.




